# ધી ગણદેવી પીપલ્સ કો. ઓ. બેંક લીમીટેડ
# ગણદેવી

સને ૨૦૧૪-૧૫ ૬૪ મો

વાર્ષિક અહેવાલ અને હિસાબ

# ધી ગણદેવી પીપલ્સ કો. ઓપરેટીવ બેંક લી. ગણદેવી

## સ્થાપક ચેરમેન



સ્વ. ભુખણદાસ ખુશાલભાઈ કાપડીયા

## બોર્ડ ઓફ ડિરેક્ટર્સ



પ્રમુખશ્રી
જશ્મીનભાઈ જે. દેસાઈ



ઉપપ્રમુખશ્રી
ગોપાળભાઈ એમ. ગોહિલ



સેક્રેટરીશ્રી
શૈલેષભાઈ એલ. શાહ



ડીરેક્ટરશ્રી
ગુલાબભાઈ બી. પટેલ



ડીરેક્ટરશ્રી
મનહરલાલ ડી. શાહ



ડીરેક્ટરશ્રી
જ્યોતિબેન એ. દેસાઈ



ડીરેક્ટરશ્રી
પરેશભાઈ ડી. અધ્વર્યુ



ડીરેક્ટરશ્રી
ડૉ. નિલેશકુમાર એસ. વૈદ્ય



ડીરેક્ટરશ્રી
મનીષભાઈ એચ. દેસાઈ



ડીરેક્ટરશ્રી
નરેશચંદ્ર પી. નેમાણી



ડીરેક્ટરશ્રી
પ્રજ્ઞેશભાઈ આર. પટેલ



ડીરેક્ટરશ્રી
દિનેશચંદ્ર ડી. ગોહીલ



પ્રોફેશનલ ડીરેક્ટરશ્રી
ભુપેન્દ્રભાઈ ઉપાધ્યાય



પ્રોફેશનલ ડીરેક્ટરશ્રી
રમેશભાઈ ચૌહાણ (C.A.)

**મુખ્ય ઓફીસ :**

સ્ટાન્ડર્ડન હાઉસ - પોસ્ટ બોક્ષ નં. ૧૦, બજાર, ગણદેવી - ૩૯૬ ૩૬૦
ડી. નવસારી, ગુજરાત. ફોન : (૦૨૬૩૪) ૨૬૨૩૩૮, ૨૬૩૪૩૬
ફેક્ષ નં. (૦૨૬૩૪) ૨૬૩૪૩૬ E-mail: gpcbank@ymail.com | www.gpcbank.com

**શાખા :**

**ચીખલી :** દેસાઈવાડ, ચીખલી - ૩૯૬ ૫૨૧. ફોન : (૦૨૬૩૪) ૨૩૪૧૯૦

**બીલીમોરા :** મહાદેવનગર, બીલીમોરા - ૩૯૬ ૩૨૧. ફોન : (૦૨૬૩૪) ૨૮૧૮૧૩

**ઓડીટ વર્ષ : ૨૦૧૪-૨૦૧૫**

**નોંધણી નંબર**

વડોદરા રજી.નં. : ૧૩૭૪/ ૨૧૦/૧
મુંબઈ પ્રાંતના નં. : ૧૬૬૫૮/૭૨
નોંધણી તારીખ : ૭-૭-૫૧
રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા
લાયસન્સ નંબર :
UBD GUJ. ૧૪૩૭ Pતા. ૮-૭-૧૯૯૭

## તા. ૧-૪-૨૦૧૪ થી તા. ૩૧-૩-૨૦૧૫ સુધીની
## બોર્ડ ઓફ ડીરેક્ટર્સની મીટીંગનું હાજરી પત્રક

| ક્રમ | નામ | હોદ્દો | કુલ મીટીંગ | કુલ હાજરી |
|---|---|---|---|---|
| ૧. | શ્રી જસ્મીનભાઈ જયંતિભાઈ દેસાઈ | પ્રમુખ | ૧૦ | ૧૦ |
| ૨. | શ્રી ગોપાળભાઈ મોહનભાઈ ગોહિલ | ઉપપ્રમુખ | ૧૦ | ૧૦ |
| ૩. | શ્રી શૈલેષભાઈ લક્ષ્મીચંદ શાહ | સેક્રેટરી | ૧૦ | ૧૦ |
| ૪. | શ્રી મનહરલાલ ડાહ્યાલાલ શાહ | ડીરેક્ટર | ૧૦ | ૬ |
| ૫. | શ્રી ગુલાબભાઈ ભગુભાઈ પટેલ | ડીરેક્ટર | ૧૦ | ૧૦ |
| ૬. | શ્રી જ્યોતિબેન અક્ષયભાઈ દેસાઈ | ડીરેક્ટર | ૧૦ | ૯ |
| ૭. | શ્રી પરેશભાઈ ધીરૂભાઈ અધ્વર્યુ | ડીરેક્ટર | ૧૦ | ૧૦ |
| ૮. | શ્રી નિલેશકુમાર શરદચંદ્ર વૈદ્ય | ડીરેક્ટર | ૧૦ | ૧૦ |
| ૯. | શ્રી મનીષભાઈ હર્ષદરાય દેસાઈ | ડીરેક્ટર | ૧૦ | ૮ |
| ૧૦. | શ્રી નરેશચંદ્ર પરસોત્તમદાસ નેમાણી | ડીરેક્ટર | ૧૦ | ૮ |
| ૧૧. | શ્રી પ્રજ્ઞેશભાઈ રામજીભાઈ પટેલ | ડીરેક્ટર | ૧૦ | ૭ |
| ૧૨. | શ્રી દિનેશચંદ્ર ધીરૂભાઈ ગોહીલ | ડીરેક્ટર | ૧૦ | ૭ |
| ૧૩. | શ્રી ભુપેન્દ્રભાઈ નાથુભાઈ ઉપાધ્યાય | ડીરેક્ટર | ૧૦ | ૧૦ |
| ૧૪. | શ્રી રમેશભાઈ નાથાલાલ ચૌહાણ | ડીરેક્ટર | ૧૦ | ૯ |

| | | ઓફિસ નં | ઘર નં. |
|---|---|---|---|
| પ્રમુખ : | : શ્રી જસ્મીનભાઈ જયંતિભાઈ દેસાઈ | ૯૯૨૫૧ ૪૪૨૧૫ | ૨૮૧૫૯૦ |
| ઉપપ્રમુખ | : શ્રી ગોપાળભાઈ મોહનભાઈ ગોહિલ | ૯૮૨૫૫ ૬૧૦૦૯ | - |
| સેક્રેટરી | : શ્રી શૈલેષભાઈ લક્ષ્મીચંદ શાહ | ૨૬૨૨૭૫ | ૯૪૨૮૦ ૨૦૬૩૮ |
| જનરલ મેનેજર | : શ્રી હેમાંશુભાઈ બાલકૃષ્ણ વૈદ્ય | ૨૬૨૩૩૮<br>૨૬૩૪૩૬ | - |

## શાખ કમિટિ

| | |
|---|---|
| ૧. શ્રી જસ્મીનભાઈ જે. દેસાઈ | ૨. શ્રી ગોપાળભાઈ એમ. ગોહિલ |
| ૩. શ્રી શૈલેષભાઈ એલ. શાહ | ૪. શ્રી ગુલાબભાઈ બી. પટેલ |
| ૫. શ્રી દિનેશચંદ્ર ડી. ગોહીલ | ૬. શ્રી હેમંતભાઈ એચ. ચૌહાણ |
| ૭. શ્રી આશિષભાઈ જી. દેસાઈ | |

## ઓવરડ્રાફટ રીન્યુઅલ કમિટિ

| | |
|---|---|
| ૧. શ્રી જસ્મીનભાઈ જે. દેસાઈ | ૨. શ્રી ગોપાળભાઈ એમ. ગોહિલ |
| ૩. શ્રી શૈલેષભાઈ એલ. શાહ | ૪. શ્રી મનહરલાલ ડી. શાહ |
| ૫. શ્રી નરેશચંદ્ર પી. નેમાણી | |

## મશીનરી વેલ્યુએશન કમિટિ

| | |
|---|---|
| ૧. શ્રી ગોપાળભાઈ એમ. ગોહિલ | ૨. શ્રી શૈલેષભાઈ એલ. શાહ |
| ૩. શ્રી પરેશભાઈ ડી. અધ્વર્યુ | ૪. શ્રી જ્યોતિબેન એ. દેસાઈ |
| ૫. શ્રી નિલેશકુમાર એસ. વૈદ્ય | ૬. શ્રી પ્રજ્ઞેશભાઈ આર. પટેલ |
| ૭. શ્રી મનીષભાઈ એચ. દેસાઈ | |

## મહેકમ કમિટિ

| | |
|---|---|
| ૧. શ્રી જસ્મીનભાઈ જે. દેસાઈ | ૨. શ્રી ગોપાળભાઈ એમ. ગોહિલ |
| ૩. શ્રી શૈલેષભાઈ એલ. શાહ | ૪. શ્રી નિલેશકુમાર એસ. વૈદ્ય |
| ૫. શ્રી નરેશચંદ્ર પી. નેમાણી | |

## રીકવરી કમિટિ

| | |
|---|---|
| ૧. શ્રી જસ્મીનભાઈ જે. દેસાઈ | ૨. શ્રી ગોપાળભાઈ એમ. ગોહિલ |
| ૩. શ્રી શૈલેષભાઈ એલ. શાહ | ૪. શ્રી મનીષભાઈ એચ. દેસાઈ |
| ૫. શ્રી નરેશચંદ્ર પી. નેમાણી | ૬. શ્રી દિનેશચંદ્ર ડી. ગોહીલ |

# ધી ગણદેવી પીપલ્સ કો. ઓપરેટીવ બેંક લી. ગણદેવી

## ઓડીટ કમિટિ

| | |
|---|---|
| ૧. શ્રી જસ્મીનભાઈ જે. દેસાઈ | ૨. શ્રી ગોપાળભાઈ એમ. ગોહિલ |
| ૩. શ્રી શૈલેષભાઈ એલ. શાહ | ૪. શ્રી પરેશભાઈ ડી. અધ્વર્યુ |
| ૫. શ્રી રમેશભાઈ એન. ચૌહાણ | |

## ઈન્વેસ્ટમેન્ટ કમિટિ

| | |
|---|---|
| ૧. શ્રી જસ્મીનભાઈ જે. દેસાઈ | ૨. શ્રી ગોપાળભાઈ એમ. ગોહિલ |
| ૩. શ્રી શૈલેષભાઈ એલ. શાહ | ૪. શ્રી ગુલાબભાઈ બી. પટેલ |
| ૫. શ્રી પરેશભાઈ ડી. અધ્વર્યુ | ૬. શ્રી ભુપેન્દ્રભાઈ એન. ઉપાધ્યાય |

## બીલીમોરા શાખા સલાહકાર કમિટિ

| | |
|---|---|
| ૧. શ્રી જસ્મીનભાઈ જે. દેસાઈ | ૨. શ્રી શૈલેષભાઈ એલ. શાહ |
| ૩. શ્રી મનીષભાઈ એચ. દેસાઈ | ૪. શ્રી ગૌરાંગભાઈ એન. જોષી |
| ૫. શ્રી મનીષભાઈ કે. દેસાઈ | ૬. શ્રી પ્રથમેશ એચ. વશી |

## ચીખલી શાખા સલાહકાર કમિટિ

| | |
|---|---|
| ૧. શ્રી ગોપાળભાઈ એમ. ગોહિલ | ૨. શ્રી મનહરલાલ ડી. શાહ |
| ૩. શ્રી નિલેશકુમાર એસ. વૈદ્ય | ૪. શ્રી રાકેશકુમાર પી. શાહ |
| ૫. શ્રી રાગેશ એલ. દવે | ૬. શ્રી શૈલેષભાઈ બી. પટેલ |

## ટૂંક સમયમાં શરૂ થાય છે વિજલપોર શાખા

સભાસદોને જણાવતાં આનંદ થાય છે કે આપણી બેંક ૬૪ માં વર્ષમાં પ્રવેશે છે ત્યારે રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી નવી શાખા ખોલવા માટે પરવાનગી બેંકને પ્રાપ્ત થયેલ છે. અને ટુંક સમયમાં વિજલપોર મુકામે જિ. નવસારીમાં નવી શાખા ખોલવા માટે સંચાલક મંડળ પ્રયત્નશીલ છે.

# ધી ગણદેવી પીપલ્સ કો. ઓપરેટીવ બેંક લી. ગણદેવી

## વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી બેંકના સર્વે સભાસદોને ખબર આપવામાં આવે છે કે બેંકની **૬૪** મી વાર્ષિક સાધારણ સભા તા. **૧૨-૭-૨૦૧૫** ના **રવિવાર**ના રોજ સવારે ૯-૩૦ કલાકે **શ્રી પાંચાલ સેવા સમાજ, ગૌહરબાગ, બીલીમોરા,** નીચે જણાવેલ કામો માટે મળશે. તો તેમાં સમયસર પધારવા વિનંતી છે.

## એજન્ડા

૧. તા. ૨૨-૬-૨૦૧૪ ના રોજ મળેલ ૬૩ મી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વાંચનમાં લઈ બહાલી આપવા બાબત.

૨. તા. ૩૧-૩-૨૦૧૫ નાં રોજ પુરા થયેલ વર્ષનો બોર્ડ ઓફ ડીરેક્ટર્સે તૈયાર કરેલ કામકાજનો અહેવાલ તથા ઓડિટરશ્રીએ પ્રમાણિત કરેલુ સરવૈયુ તથા નફા તોટા હિસાબો મંજુર કરવા બાબત.

૩. બોર્ડ ઓફ ડીરેક્ટર્સે ભલામણ કરેલ સને ૨૦૧૪-૨૦૧૫ ના વર્ષના ચોખ્ખા નફાની ફાળવણી તથા ડીવીડન્ડ મંજુર કરવા બાબત.

૪. સને ૨૦૧૪-૧૫ ના વર્ષના વૈધાનિક ઓડિટ રિપોર્ટની નોંધ લેવા બાબત.

૫. પેટા નિયમ અનુસાર સને ૨૦૧૫-૧૬ થી સને ૨૦૧૭-૧૮ ના વર્ષ માટે ખાલી પડેલી ગણદેવી વિભાગ જગ્યા-૮, બીલીમોરા વિભાગ જગ્યા-૪ અને અમલસાડ વિભાગ જગ્યા-૧ માટે ચુંટણી જાહેર કરવામાં આવેલી. તેમાં ગણદેવી વિભાગની જગ્યા - ૮ માટે ૧૭ ઉમેદવારો, બીલીમોરા વિભાગની જગ્યા-૪ માટે ૯ ઉમેદવારો, અમલસાડ વિભાગ જગ્યા-૧ માટે ૨ ઉમેદવારો રહેતા હોવાથી નિયમોનુસાર ચુંટણી કરતા ત્રણેય વિભાગમાં નીચે જણાવ્યા મુજબના ઉમેદવારોને ડીરેકટર તરીકે ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે જેની નોંધ લેવા વિનંતી છે.

### ગણદેવી વિભાગ

(૧) શ્રી જ્યોતિબેન અક્ષયભાઈ દેસાઈ
(૨) શ્રી ગોપાળભાઈ મોહનભાઈ ગોહિલ
(૩) શ્રી ગુલાબભાઈ ભગુભાઈ પટેલ
(૪) શ્રી ગિરીશભાઈ અમૃતલાલ રાવલ
(૫) શ્રી પરેશભાઈ ધીરૂભાઈ અધ્વર્યુ
(૬) શ્રી મનહરલાલ ડાહ્યાભાઈ શાહ
(૭) શ્રી નિલેશકુમાર શરદચંદ્ર વૈદ્ય
(૮) શ્રી કેયુરકુમાર કુલીનચંદ્ર વશી

### બિલીમોરા વિભાગ

(૧) શ્રી પ્રજ્ઞેશકુમાર રામજીભાઈ પટેલ
(૨) શ્રી મનીષભાઈ હર્ષદરાય દેસાઈ
(૩) શ્રી મનિષ સુરેશકુમાર નાયક
(૪) શ્રી રાકેશ પ્રફુલચંદ્ર શાહ

### અમલસાડ વિભાગ

(૧) શ્રી દિનેશચંદ્ર ધીરૂભાઈ ગોહીલ

૬. પેટા નિયમ (૮) અનુસાર ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષ માટે વધારેમાં વધારે જે હદ સુધી ડીરેકટરોની બોર્ડ ભંડોળ એકઠું કરી શકે તે મુકર્રર કરવા બાબત.

૭. સને ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષ માટે બેંકના હિસાબો તપાસવા માટે ઓડિટરશ્રીની નિમણૂંક કરવા તથા તેમનું મહેનતાણુ નક્કી કરવાની બોર્ડ ઓફ ડીરેક્ટર્સને સત્તા આપવા બાબત.

૮. પ્રમુખશ્રીની મંજુરીથી બીજા જે કામો રજુ થાય તે બાબત.

બોર્ડ ઓફ ડીરેકટરના આદેશથી
હેમાંશુભાઈ બાલકૃષ્ણ વૈદ્ય
જનરલ મેનેજર

તા. ૨૭-૬-૨૦૧૫
સ્થળ : ગણદેવી

# નોંધ

૧. જે સભાસદોને સરવૈયા તથા નફાતોટાનાં હિસાબ અંગે માહિતી જોઈતી હોય અગર પૂછપરછ કરવી હોય તેમણે તા. ૪-૭-૨૦૧૫ સુધીમાં જનરલ મેનેજરશ્રીને લેખિત માંગણી આપવા વિનંતી છે.

૨. તા. ૩૧-૩-૨૦૧૫ ના રોજ બેંકના રજીસ્ટરમાં જે સભાસદ હશે તેને વાર્ષિક સાધારણ સભામાં હાજર રહેવાનો અને મત આપવાનો હક છે.

૩. બેંકના પેટા નિયમ અનુસાર જે સભાસદોને વાર્ષિક અહેવાલ તથા સરવૈયા અને નફાતોટા પત્રકની નકલ જોઈતી હોય તેઓએ બેંકના કામકાજ દરમ્યાન રૂબરૂ આવી માંગણી કર્યેથી આપવામાં આવશે.

૪. મુકર્રર કરવામાં આવેલ સમયે જો કાર્યસાધક સંખ્યા ન હશે તો પણ અડધો કલાક પછી સભાનું કામકાજ ચાલશે અને તે કાયદેસર ગણાશે.

૫. બેંક તરફથી આપવામાં આવેલ ઓળખકાર્ડ સભામાં સાથે લાવવો ફરજીયાત છે.

૬. બેંકની શેર ટ્રાન્સફર બુક તા. ૨૭-૬-૨૦૧૫ થી ૧૨-૭-૨૦૧૫ સુધી બંધ રહેશે.

૭. જે સભાસદોએ હજુ સુધી પોતાના વારસદારોની નિમણૂંક બેંકના દફતરે નોંધાવી ન હોય તેઓએ તે અંગેના ફોર્મ બેંકમાંથી મેળવી વારસાઈની નિમણૂંક કરી દેવા વિનંતી છે.

૮. જે સભાસદોએ સરનામું ફેરફાર થવા અંગે બેંકને જાણ કરી ન હોય તેમણે બેંકમાં રૂબરૂ સંપર્ક કરી લેખિત જાણ કરી સરનામું ફેરફાર કરાવી લેવા વિનંતી છે.

૯. બેંકના રૂા. ૨૫/- ના શેર ધારણ કરનાર માનવંતા સભાસદોને તફાવતની રકમ ભરી પોતાના શેર રૂા. ૧૦૦/- ના ગુણાંકમાં કરાવી લેવા વિનંતી છે.

## ૧૦. KYC ના નિયમોનું પાલન કરવા બાબત.

‘‘તમારા ગ્રાહકોને જાણો’’ (Know Your Customers) KYC ના નિર્દેશોનું પાલન કરવું અનિવાર્ય છે. આ સંબંધે બેંકના તમામ સેવિંગ્સ ખાતા, કરન્ટ ખાતા તેમજ લોકર્સ ધારકોને નમ્ર વિનંતી કે જેમણે પણ KYC નોર્મસની પુર્તતા ન કરી હોય તેમણે તાત્કાલીક ધોરણે KYC નોર્મસની પુર્તતા કરવા વિનંતી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નિર્દેશ અનુસાર KYC નિયમનું પાલન ન કરનારના ખાતા ગ્રાહકોના જોખમે અને જવાબદારીએ સ્થગિત કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

## KYC માટે જરૂરી પુરાવાઓ

૧. તાજેતરમાં પડાવેલા ફોટા
૨. પાનકાર્ડની ઝેરોક્ષ
૩. સરનામાનો પુરાવો
૪. આઈડેન્ટીટી પ્રુફ જેવાકે આધારકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાસપોર્ટ, મતદાર ઓળખપત્ર યા અન્ય ઉપલબ્ધ પુરાવાઓ
૫. કરન્ટ ખાતાઓમાં ધંધા વ્યવસાયનો પુરાવો વિગેરે સંયુક્ત ખાતેદારો - ભાગીદારો - ડિરેકટરો - પ્રોપાયટર તમામના અલગ પુરાવાઓ રજુ કરવાના રહેશે.

# ચેરમેનશ્રીનું સ્વાગત પ્રવચન

## વિશ્વાસનું બીજું નામ એટલે
## 'ધી ગણદેવી પીપલ્સ કો. ઓપરેટીવ બેંક લી.'

માનવંતા સભાસદો, સહકારી મિત્રો, ભાઈઓ અને બહેનો,

આપણી બેંકની ૬૪ મી વાર્ષિક સાધારણ સભામાં આપ સૌ વડીલો, સહકારી અગ્રણીઓ, સભાસદો, સાથીદાર ભાઈઓ તથા બહેનોનું ભાવભરી લાગણી સાથે હાર્દિક સ્વાગત કરૂં છું.

આપ સૌ સુપેરે વિદિત છો કે બેંકના સંચાલક મંડળની મુદત પુરી થતાં તા ૧-૩-૨૦૧૫ ના રોજ યોજાયેલ ચુંટણીમાં બેંકના સંચાલક મંડળના નવા ચુંટાયેલા સભ્યોને આવકારતા હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. આપ સૌ એ આ બેંકના સંચાલક મંડળ ઉપર મુકેલ અતુટ વિશ્વાસ બળે તથા આપ સૌના સક્રિય સાથ અને સહકારથી, આપણી બેંકની કામગીરીમાં સતત વિસ્તરણ અને વૃદ્ધિ સાથે, બેંકને ટોચની કક્ષાએ લઈ જવા અમે અથાગ પ્રયત્ન કરતા રહીશું, જેની હું આપ સૌને ખાત્રી આપું છું.

## ગ્રાહક સેવા અને ગ્રાહક સભાને પ્રાધાન્ય

બેંક તેની સ્થાપનાના ૬૪ વર્ષ પુરા કરી ૬૫ માં વર્ષમાં મંગળપ્રવેશ કરી રહી છે, બેંકની સુરક્ષાને ધ્યાનમાં રાખી સરકારશ્રીની સુચનાનું પાલન કરી બેંકની તમામ બ્રાંચોમાં CCTV કેમેરા અને ઈમરજન્સી એલાર્મની સિસ્ટમની વ્યવસ્થા કરવામાં આવેલી છે. અને બેંકની દરેક બ્રાંચમાં CBS હેઠળ લેવડ-દેવડ થઈ શકે છે. આ ઉપરાંત RTGS અને NEFT સવલતો પણ ચાલુ છે. આ સેવાઓનો લાભ લેવા માનવંતા ગ્રાહકોને અપીલ કરું છું.

વધુમાં ગ્રાહક સેવાને વધુ પ્રાધાન્ય આપી ગ્રાહક સેવામાં વધારો કરવા માટે દરેક ખાતામાં થતા વ્યવહારોની SMS દ્વારા દરેક ગ્રાહકને જાણકારી આપવી, અને બેંકની દરેક શાખામાં ATM લગાવવા માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

ગ્રાહક સેવા વધારવાના ઉદ્દેશથી બેંકની મુખ્ય શાખા ગણદેવી તથા બીલીમોરા શાખામાં નવા લોકર્સની વધારાની સુવિધા ઉભી કરેલ છે, જેનો લાભ લેવા આપ સભાસદોને નમ્ર અરજ છે.

વધુમાં, દેશના પ્રધાનમંત્રી **માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે** દેશના નાગરિકોના લાભાર્થે સામાજીક સુરક્ષા યોજના હેઠળ બે વીમા યોજનાઓ (૧) **પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના** (PMSBY) અને (૨) **પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના** (PMJJBY) અમલમાં મુકેલ છે. સદર સુરક્ષા વીમા યોજના હેઠળ ખાતેદારને અકસ્માત સમયે મૃત્યુ અથવા તેને કારણે શરીરના અંગો ગુમાવવા સામે વાર્ષિક ₹ ૧૨/- ના પ્રીમીયમમાં રૂા. ₹ ૨,૦૦,૦૦૦/- નો વીમાનું રક્ષણ મળશે જ્યારે જીવન જ્યોતિ વીમા યોજના હેઠળ વાર્ષિક ₹ 330/- ના પ્રીમીયમમાં રૂા. ₹ ૨,૦૦,૦૦૦/- નો જીવન વીમો મળશે. આ બંને યોજના માટે ધી ન્યુ ઈન્ડિયા એસ્યોરન્સ કંપની લી. અને લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા સાથે કરાર કરી જોડાયેલ છે જેથી આ બંને વીમા પોલીસીઓનો લાભ સહકારી બેંકો સાથેના ખાતાધારકોને લાભ મળી રહે.

## આપણું ગૌરવ

બેંકની સામાજીક સેવાને તથા બેંકની ઉત્તરોત્તર પ્રગતિને ધ્યાનમાં રાખી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ ના ઓડિટેડ હિસાબો તથા અહેવાલોને ધ્યાનમાં રાખી બેન્કીંગ ફ્રન્ટીઅર્સ દ્વારા આયોજીત રાષ્ટ્રીય એવોર્ડ સમારંભમાં **'બેસ્ટ NPA મેનેજમેન્ટ'** માટે બેંકને **પ્રથમ રેંક** માટે એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. સાઉથ ગુજરાત કો.ઓ.બેન્ક ફેડરેશન, સુરત દ્વારા મનાલી મુકામે યોજાયેલ સ્કોબા પ્રાઇડ એવોર્ડમાં નીચે મુજબની કેટેગરીમાં ચાર એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

૧) પ્રોફેટેબીલીટી મેનેજમેન્ટ
૨) કોર્પોરેટ ગવર્નન્સ એન્ડ મોર્ડન બેકીંગ ટેકનોલોજી
૩) પબ્લિક રીલેશન એન્ડ સોશ્યલ એક્ટીવીટીઝ
૪) ફાયનાન્સીયલ સ્ટેબીલીટી

ઉપરોકત મળેલ એવોર્ડ એ આપણી બેંકના તમામ સભાસદો - ગ્રાહકો માટે ગૌરવદાયક સન્માન છે

## બેંકના વ્યવહારો અને પારદર્શક વહીવટ

આપણી બેંકના વિકાસમાં પારદર્શક વહીવટનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. બેંક સંપુર્ણપણે પારદર્શક વહીવટનો આગ્રહ રાખે છે. બેંકના ગ્રાહકો પાસે કોઈપણ છુપા કે ઈનબીલ્ટ ચાર્જીસ લેવામાં આવતા નથી. બેંક દ્વારા લેવાતા સેવાકીય ચાર્જીસ પણ ખૂબજ માપસરના છે. ગ્રાહક સેવા અંગેની ફરિયાદનો અભ્યાસ કરી સંતોષકારક ખુલાસાઓ આપવામાં આવે છે. બેંક ગ્રાહક સેવાને પારદર્શક બનાવવામાં ગ્રાહકોના સૂચનોને આવકારે છે. આથી આપણી બેંકના ગ્રાહકવર્ગમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. બેંક ગ્રાહકોને અસરકર્તા તમામ નિર્ણયો લેવામાં ગ્રાહકોનો અભિપ્રાય અને સૂચનો મેળવી તેમના હિતોને પણ હંમેશા ખ્યાલ રાખે છે.

# આંકડાકીય માહિતી અને વિશ્લેષણ

## શેર ભંડોળ અને સભાસદની સંખ્યા

શેર મૂડીએ બેંકના સ્વભંડોળનો મહત્વનો હિસ્સો છે. વર્ષની શરૂઆતમાં તા. ૧-૪-૨૦૧૪ નાં રોજ સભાસદ સંખ્યા ૧૭૧૭૬ અને ભરપાઈ થયેલ શેરભંડોળ રૂા. ૧૯૩.૫૩ લાખ હતું. જ્યારે વર્ષની આખરમાં તા. ૩૧-૩-૨૦૧૫ નાં રોજ સભાસદ સંખ્યા ૧૭૬૨૦ અને ભરપાઈ થયેલ શેરભંડોળ રૂા. ૨૦૪.૫૧ લાખ થયું છે. હવેથી નવા શેર રૂા. ૧૦૦/- ની કિંમતના જ ઈસ્યુ કરવામાં આવે છે, ત્થા રૂા. ૨૫/- વાળા શેર રૂા. ૧૦૦/- માં રૂપાંતર કરવાની કાર્યવાહી ચાલુ છે. આપ સૌ જેમાં સહકાર આપશો એવી વિનંતી.

## થાપણો અને ધિરાણોની ગૌરવપ્રદ વૃધ્ધિ

સહકારી બેંકીંગ ક્ષેત્રમાં આપણી બેંકની શાખ અને સેવાઓને કારણે વર્ષ દરમિયાન બેંકની થાપણો ગત વર્ષની સરખામણીએ ૨૧% ના વધારા સાથે ૭૦.૯૭ કરોડ પહોંચી છે, અને ધિરાણ ૨૩% ના વધારા સાથે ૪૨.૯૨ કરોડે પહોંચ્યું છે. આર્થિક મંદીના સમયમાં આપણી બેંકે કરેલી આ પ્રગતિ આપણા સૌને માટે ગૌરવપ્રદ છે.

**થાપણો (રૂા. કરોડમાં)**

| | ૩૧.૩.૨૦૧૪ | ૩૧.૩.૨૦૧૫ |
|---|---|---|
| મુખ્ય ઓફીસ | ૩૨.૦૬ | ૩૯.૩૯ |
| ચીખલી શાખા | ૧૦.૮૯ | ૧૩.૭૮ |
| બીલીમોરા શાખા | ૧૫.૬૦ | ૧૭.૮૦ |
| કુલ | ૫૮.૫૫ | ૭૦.૯૭ |

**ધિરાણો (રૂા. કરોડમાં)**

| | ૩૧.૩.૨૦૧૪ | ૩૧.૩.૨૦૧૫ |
|---|---|---|
| મુખ્ય ઓફીસ | ૮.૨૩ | ૧૦.૯૦ |
| ચીખલી શાખા | ૯.૮૨ | ૧૨.૪૦ |
| બીલીમોરા શાખા | ૧૬.૭૫ | ૧૯.૬૨ |
| કુલ | ૩૪.૮૦ | ૪૨.૯૨ |

## નોન પરફોર્મીંગ એસેટસ (NPA)

બેંકની ભૂમિકા વિવિધ ધિરાણ પ્રવૃત્તિઓ દ્વારા જરૂરિયાત ધરાવતા લોકો તરફ ધિરાણનો પ્રવાહ લઈ જવા મહત્વની રહી છે. રિઝર્વ બેન્કના વખતો-વખતના ધિરાણ માળખા થકી ધિરાણ પ્રવાહ તેમજ પરત વસુલાતની કામગીરીનો દ્વિમાર્ગી વ્યવહાર સંતુલીત કરી આજે પણ આપણી બેંક નેટ NPA 0% (શૂન્ય ટકા) પણ જાળવી રાખવામાં સફળતા હાંસલ કરેલ છે. આપ સૌના સાથ અને સહકારથી ભવિષ્યમાં પણ પ્રગતિ જાળવી રાખવા તમામ પ્રયત્ન આપણી બેંક સંનિષ્ઠાથી કરતી રહેશે.

| | ૩૧.૩.૨૦૧૪ | ૩૧.૩.૨૦૧૫ |
|---|---|---|
| કુલ ધિરાણ | ૩૪૮૦.૫૦ | ૪૨૯૨.૦૦ |
| ગ્રોસ NPA રકમ | ૨૨.૦૬ | ૭.૦૬ |
| ગ્રોસ ટકાવારી | ૦.૬૩% | ૦.૧૬% |
| Net NPA રકમ | ૦.૦૦ | ૦.૦૦ |
| Net. ટકાવારી | ૦% | ૦% |
| જોગવાઈ | ૫૭.૦૭ | ૬૯.૯૫ |

રીઝર્વ બેંકના નિયમ મુજબ કરવી પડતી રૂા. ૭.૦૬ લાખની જોગવાઈ સામે બેંક દ્વારા રૂા. ૬૯.૯૫ લાખની જોગવાઈ કરવામાં આવેલી છે. જેથી બેંકનું નેટ NPA 0% છે, અને બેંકનું ગ્રોસ NPA જેને પણ કાળક્રમે શૂન્ય ટકા લાવવાના સઘન પ્રયત્નો ચાલુ છે.

## મૂડી પર્યાપ્તનો ગુણાંક (સી.આર.એ.આર.) 17.48%

રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના માપદંડ મુજબ મુડી પર્યાપ્તનો ગુણાંક લઘુત્તમ ૯% હોવો જોઈએ. જેની સામે આપણી બેંકનો ૩૧-૩-૨૦૧૫ ના રોજનો આ દર ૧૭.૪૮% છે જે બેંકની આર્થિક સધ્ધરતા દર્શાવે છે.

## બેંકના ડિરેકટર્સને ધિરાણ

આપણી બેંકના એકપણ ડિરેકટર પોતાના નામે કે રિઝર્વ બેંકની વ્યાખ્યામાં આવતા સગા-સંબંધીને નામે પણ બેંકમાંથી તેમની પોતાની ફીક્સ ડીપોઝીટ ઉપર ઓવરડ્રાફટ / લોન સિવાય કોઈપણ પ્રકારનું ધીરાણ લેતા નથી અને રીઝર્વ બેંકના આદેશનું સંપૂર્ણપણે પાલન કરે છે.

## ડીપોઝીટ ઈન્સ્યોરન્સ

ડીપોઝીટ ઈન્સ્યોરન્સ એક્ટ હેઠળ આપણી બેંકની થાપણદાર દીઠ રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ) સુધીની થાપણો રાષ્ટ્રીયકૃત બેંકોની જેમ સુરક્ષિત છે. બેંક દ્વારા ડીપોઝીટ ઈન્સ્યોરન્સ એક્ટ હેઠળ આપણી બેંકનું એડવાન્સ પ્રિમીયમ તા. ૩૦-૯-૨૦૧૫ સુધીનું ભરી દીધેલ છે.

## બેંકની નાણાંકીય પરિસ્થિતિ અને નફાની ફાળવણી

નાણાંકીય વર્ષ ૨૦૧૪-૨૦૧૫ ના વર્ષમાં બેંકની કુલ આવક રૂા. ૮૧૫.૪૫ લાખ થઈ છે. જેની સામે ખર્ચ, વધારાની જોગવાઈઓ, ઈન્કમટેક્ષ પેટે ચૂકવેલ રકમ મળી કુલ્લે રૂા. ૭૧૧.૮૦ લાખ બાદ કરતા તા. ૩૧-૩-૨૦૧૫ ના રોજ બેંકનો ચોખ્ખો નફો રૂા. ૧૦૩.૬૫ લાખ થવા પામ્યો છે. જે વર્ષ ૨૦૧૩-૨૦૧૪ ના નફા કરતા ૨૦.૭૦% નો વધારો થયેલ છે, જેની બોર્ડ ઓફ ડિરેક્ટર્સ નીચે જણાવ્યા પ્રમાણે ફાળવણી કરેલ છે. જેને આપ સૌ મંજુર રાખશો એવી વિનંતી છે.

| | | | | |
|---|---|---|---|---|
| | **સને ૨૦૧૪-૧૫ ના વર્ષનો ચોખ્ખો નફો** | | | ૧,૦૩,૬૫,૪૯૪-૬૭ |
| બાદ : | રીઝર્વ ફંડ ચોખ્ખા નફાના | ૪૦% | ૪૧,૪૬,૧૯૭-૦૦ | |
| | ડુબત લેણા અનામત ફંડ ચોખ્ખા નફાના | ૧૫% | ૧૫,૫૪,૮૨૪-૦૦ | |
| | શિક્ષણ ફાળો ચોખ્ખા નફાના | ૨% | ૨,૦૭,૩૦૯-૦૦ | |
| | ડિવિડન્ડ - શેર ભંડોળના | ૧૨% | ૨૨,૯૪,૦૦૮-૦૦ | ૮૨,૦૨,૩૩૮-૦૦ |
| | | | | ૨૧,૬૩,૧૫૬-૬૭ |
| બાદ : | | | | |
| (૧) | સભાસદ કલ્યાણ ફંડ | ૧૫% | ૩,૨૪,૪૭૪-૦૦ | |
| (૨) | કેળવણી ફંડ ખાતે | ૫% | ૧,૦૮,૧૫૭-૦૦ | |
| (૩) | મકાન ફંડ ખાતે | ૩૦% | ૬,૪૮,૯૪૭-૦૦ | |
| (૪) | ડિવિડન્ડ ઈક્વિલાઈઝેશન ફંડ ખાતે | ૧૦% | ૨,૧૬,૩૧૬-૦૦ | |
| (૫) | ધર્માદા ફંડ ખાતે | ૫% | ૧,૦૮,૧૫૭-૪૦ | |
| (૬) | આકસ્મિક ફંડ ખાતે | ૧૫% | ૩,૨૪,૪૭૩-૨૭ | |
| (૭) | બેંકની પ્રગતિ અને પ્રચાર અંગે વાપરવાના ફંડ ખાતે | ૧૦% | ૨,૧૬,૩૧૬-૦૦ | |
| (૮) | વ્યાજ વળતર ફંડ | ૧૦% | ૨,૧૬,૩૧૬-૦૦ | |
| | | | | ૨૧,૬૩,૧૫૬-૬૭ |

## સર્વે સભાસદોની જાણ માટે

સમાજના નબળા અને મધ્યમ વર્ગના લોકોની આર્થિક ઉન્નતિ સાથે સામાજીક વિકાસ માટે સહકારી પ્રવૃતિ એક સર્વશ્રેષ્ઠ વિકલ્પ છે. સહકારી-પ્રવૃત્તિ-સમાજ-રાજ્ય અને દેશમાં આર્થિક પરિવર્તન લાવવા માટેનું એક મહત્વનું સંચાલક પરિબળ છે. આજે સહકારી પ્રવૃત્તિની આભા સુધારવા પ્રયત્નશીલ થવાની સમયની એક અનિવાર્ય માંગ છે. સહકારી પ્રવૃત્તિ અત્યાર સુધી સમાજની ચિંતા કરી છે હવે સમાજ સહકારી પ્રવૃત્તિની ચિંતા કરે છે, એવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે.

''સહકાર'' એ માત્ર કોઈ આર્થિક વ્યવસ્થા નથી, પરંતુ સમાજમાં રહેલા વંચીત લોકોનું પણ પ્રગતિની તક મળે તેવા ઉમદા હેતુ સાથેની ''સામાજીક અભિયાન'' પણ છે. ''સહકાર'' માં કેન્દ્રસ્થાને આર્થિક હિતની સાથોસાથ માનવીય દ્રષ્ટિકોણ પણ રહેલો છે. ''સહકાર'' શબ્દથી જ એકબીજાની સાથે એકતા અને અખંડીતતા જાળવી રાખવાની ભાવના ઉભરી આવે છે. આપણી બેંકે સંબંધલક્ષી નહિં પરંતુ સેવાલક્ષી કાર્ય કરી આજે જ્યારે મારા-તમારા અને આપણા સહયોગી પ્રયત્નશીલ ઉત્તરોત્તર પ્રગતિ કરી સમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ત્યારે સમગ્ર તંત્રના આગેવાનને શુભેચ્છકો કર્મચારીઓ સહકારનું મહત્વ સમજતા સભાસદો, થાપણદારો અને ગ્રાહકોએ આપેલા યોગદાનને અમો આભારી છે.

## બેંકના કામકાજના છેલ્લા પાંચ વર્ષનું પ્રગતિ દર્શાવતુ પત્રક
(રૂા. લાખમાં)

| ક્રમ | વિગત | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
|---|---|---|---|---|---|---|
| ૧. | સભાસદની સંખ્યા | ૧૬૧૯૬ | ૧૬૩૫૨ | ૧૬૬૨૬ | ૧૭૧૭૬ | ૧૭૬૨૦ |
| ૨. | શેર ભંડોળ | ૧૫૫.૪૨ | ૧૬૩.૪૭ | ૧૭૫.૭૧ | ૧૯૩.૫૩ | ૨૦૪.૫૧ |
| ૩. | રિઝર્વ ફંડ | ૮૫.૪૯ | ૧૦૧.૪૪ | ૧૨૬.૯૩ | ૧૬૦.૩૫ | ૧૯૯.૯૧ |
| ૪. | અન્ય ફંડો | ૩૬૯.૩૮ | ૩૮૬.૧૮ | ૪૨૩.૯૪ | ૪૭૫.૨૫ | ૫૧૯.૮૧ |
| ૫. | થાપણો | ૩૪૭૫.૨૫ | ૪૨૦૦.૭૬ | ૪૯૫૫.૬૧ | ૫૮૫૫.૧૦ | ૭૦૯૭.૪૪ |
| ૬. | ધિરાણો | ૨૨૭૧.૩૦ | ૨૭૩૨.૭૮ | ૩૧૭૨.૭૬ | ૩૪૮૦.૫૦ | ૪૨૯૨.૦૦ |
| ૭. | રોકાણો | ૧૩૧૩.૬૬ | ૧૬૨૨.૧૨ | ૨૦૬૪.૬૭ | ૨૬૭૭.૩૬ | ૩૦૬૭.૬૧ |
| ૮. | ચોખ્ખો નફો | ૩૯.૬૪ | ૬૩.૧૦ | ૭૫.૬૫ | ૮૫.૮૮ | ૧૦૩.૬૫ |
| ૯. | કામકાજનું ભંડોળ | ૪૧૯૬.૮૯ | ૪૯૯૨.૫૩ | ૫૮૫૯.૭૮ | ૬૮૮૭.૪૩ | ૮૨૫૪.૯૦ |
| ૧૦. | CRAR | ૧૯ | ૧૯.૧૬ | ૨૦.૫૧ | ૧૯.૩૯ | ૧૭.૪૮ |
| ૧૧. | ડીવીડન્ડ | ૯ % | ૧૦% | ૧૧% | ૧૨% | ૧૨% (સુચિત) |
| ૧૨. | ઓડિટ વર્ગ | અ | અ | અ | અ | અ |

બેંકના રોકાણો ગુજરાત રાજ્ય સહકારી કાયદાઓ તથા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની માર્ગદર્શિકા મુજબ કરેલા છે અને કરવાના રહેશે. રિઝર્વ બેંક તરફથી થયેલ આદેશો મુજબ અગ્રીમ ક્ષેત્ર તથા નબળા વર્ગના ઉત્થાન માટેના ધિરાણો અંગેના લક્ષ્યાંકો જારી રાખવામાં આવ્યા છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સુચના મુજબ નોન પરફોર્મીંગ એસેટનું વર્ગીકરણ કરી ખરાબ અને શકમંદ લેણા રિઝર્વ ખાતે જોગવાઈ કરી હિસાબો તૈયાર કરવામાં આવે છે.

બેંકની મુખ્ય કચેરી તથા તેની શાખાઓ મારફત મોટા ભાગના શહેરોમાં ડિમાન્ડ ડ્રાફ્ટ ઈસ્યુ કરવાની વ્યવસ્થા ગોઠવી છે જેમાં રાષ્ટ્રીયકૃત બેંકો કરતા પણ વ્યાજબી દરે ગ્રાહકને સેવા આપવામાં આવે છે. તેમજ આપણી બેંકના ગ્રાહકોને RTGS ની સગવડ ઉપલબ્ધ કરેલ છે.

# ધી ગણદેવી પીપલ્સ કો. ઓપરેટીવ બેંક લી. ગણદેવી

સહકારી બેંકો સર્વિસ સેક્ટર છે સમાજના નબળા વર્ગના લોકોનાં તેઓ હાથ ઝાલે છે. ત્યારે સહકારી ક્ષેત્રની બેંકીંગની વિશ્વસનીયતા સુદ્રઢ કરવા સહુએ મળીને પ્રયાસો કરવાની જરૂર છે.

બેંક તેના સભાસદોનાં કલ્યાણ અર્થે તેમજ આમ સમાજને પણ ઉપયોગી થઈ શકે તે હેતુથી સામાજીક-શૈક્ષણિક ક્ષેત્રે તેમજ તબીબક્ષેત્રે પણ સારું એવું પ્રદાન કરેલ છે. આપણી બેંકે સમાજના વિકાસ માટે પણ કામો કર્યા છે. આમ આપણી બેંક સહકારીક્ષેત્રમાં નબળા વર્ગના વિકાસ માટેનું આગવું ઉમદા ઉદાહરણ છે.

અહેવાલના વર્ષ દરમ્યાન બોર્ડના મારા સાથી ડિરેક્ટર્સ તથા શાખ કમિટિ તથા અન્ય કમિટિના સભ્યો મિટિંગમાં હાજર રહી પોતાની જવાબદારી શતર્ક અને જાગ્રત રહી અદા કરી છે તેમજ બેંકના જનરલ મેનેજર, બ્રાંચ મેનેજર, અધિકારીઓ તથા કર્મચારીગણોએ તથા દૈનિક બચત યોજનાના એજન્ટો ખંત, નિષ્ઠા, વિનય, પ્રમાણિકતા સહકાર તેમજ સ્મિત સાથે સેવાના સુત્રોથી ગ્રાહકોને મહત્તમ અને કાર્યક્ષમ રીતે સેવા આપવા પ્રયત્નશીલ રહ્યા છે તે તમામનો હું આભારી છું. સાથે સાથે બેંકની પ્રગતિમાં ઉત્તરોત્તર ફાળો આપતા આવેલ મારા સભાસદો, કરજદારો તથા થાપણદારોનો હાર્દિક આભાર માનું છું. કન્કરન્ટ ઓડિટર્સ, લીગલ એડવાઈઝર્સ, બેંકની પેનલ ઉપર સેવા આપતા વેલ્યુઅર્સ તથા એડવોકેટસના માર્ગદર્શન બદલ સર્વેનો આભાર માનું છું.

સને ૨૦૧૫-૧૬ થી ૨૦૧૭-૧૮ ના વર્ષ માટેની ચુંટણીની કામગીરી જેમના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી છે તેવી ચુંટણી કમિટીના પ્રમુખશ્રી રમણલાલ એન. ગાંધી, સભ્યશ્રી મહેન્દ્રભાઈ સી. ગાંધી તથા સભ્યશ્રી દિનેશચંદ્ર એન. ભાવસારનો આ તબક્કે આભાર માનું છું. તેમજ ચુંટણીની કામગીરીમાં મદદરૂપ થનાર ગણદેવી નગરપાલિકા, અમલસાડ વિ. વિ. સહકારી મંડળી લી., ગણદેવી તાલુકા સંઘના કર્મચારીગણ તથા સર સી.જે. ન્યુ હાઈસ્કૂલ-ગણદેવી, જે. જે. મહેતા સાર્વ. હાઈસ્કૂલ-બીલીમોરા, બી.એ.મહેતા કલા મહાવિદ્યાલય-અમલસાડ, ડી.ઈ.ઈટાલીયા સાર્વ હાઈસ્કૂલ-ચીખલી. નો પણ આભાર માનું છું.

બેંકના રોજબરોજના કામકાજમાં વલસાડ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ. બેંક લી., જીલ્લા રજીસ્ટ્રારશ્રી નવસારી તથા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગાંધીનગર, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા - અમદાવાદ, મુંબઈ તથા ગુજરાત સ્ટેટ કો.ઓ. બેંક લી. - અમદાવાદ, એચ.ડી.એફ.સી. બેંક - સુરત, આઈ.ડી.બી.આઈ. બેંક - નવસારી તથા ગુજરાત અર્બન બેંક ફેડરેશન - અમદાવાદ તથા સાઉથ ગુજરાત અર્બન કો.ઓ. બેંક ફેડરેશન સુરત તેમજ અન્ય તરફથી મળેલ સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરું છું. અંતમાં બેંકના બહોળા પરિવારના તમામ સભ્યો તથા બેંકની શાખમાં વિશ્વાસ મુકી આ વિસ્તારની વ્યાપારી આલમે તેને અપનાવી પોતાની માની તમામ નાણાંકીય વ્યવહાર બેંક જોડે કરવાનો આગ્રહ રાખ્યો છે, તથા બેંકના થાપણદારો, કરજદારો, ગ્રાહકો, પત્રકારમિત્રો અડગ રહી બેંકની પડખે રહ્યા છે તેમની હું કદર કરું છું. સાથે જ ગ્રાહક સેવાલક્ષી કોઈ સુચનો હશે તેને આવકારું છું.

આપણે એકબીજાના સહયોગથી સાથે મળીને હંમેશા પ્રગતિના પંથે રહીએ એવા સંનિષ્ઠ પ્રયત્નોના અડગ વિશ્વાસની અભ્યર્થના સહ અંતઃકરણની અભિલાષા સાથે વિરમું છું. ધન્યવાદ...

આપનો સહકારી<br>
જસ્મીનભાઈ જે. દેસાઈ<br>
પ્રમુખશ્રી<br>
બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી,<br>
ધી ગણદેવી પીપલ્સ કો.ઓ. બેંક લી.,<br>
ગણદેવી.

# વ્યાજમાંથી આવકવેરા કપાત બાબતે સભાસદ થાપણદારો ને સુચના

નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ ના રજૂ થયેલા કેન્દ્રીય બજેટ મુજબ રીકરીંગ ડિપોઝીટ સહિતની ટર્મ ડિપોઝીટનું વ્યાજ બેંકની બધી શાખાઓ સહિત વાર્ષિક રૂા. ૧૦,૦૦૦/- થી વધુ થતું હોય તો તા. ૦૧-૦૬-૨૦૧૫ થી અમલમાં આવે તે રીતે નીચે મુજબ TDS કપાત કરવામાં આવશે.

૧. ખાતેદાર જે તે નાણાંકીય વર્ષ માટે 15G / 15H ફોર્મ આપે તો તે વર્ષમાં TDS કપાશે નહીં. દર વર્ષે એપ્રિલ માસમાં 15G / 15H ફોર્મ નવું આપવાનું રહેશે.

૨. જે ખાતેદાર / સભાસદે બેંકમાં PAN કાર્ડ જમા કરાવ્યો હોય તો 10% મુજબ TDS કપાશે.

૩. જે ખાતેદાર / સભાસદે બેંકમાં PAN કાર્ડ જમા કરાવ્યો ન હોય તો 20% મુજબ TDS કપાશે.

૪. જે ખાતેદાર / સભાસદે ઈન્કમટેક્ષ ઓથોરીટી પાસેથી TDS કપાત ન કરવા સર્ટિફિકેટ રજૂ કરે તેમની TDS કપાત કરવામાં આવશે નહીં.

૫. જો આપની પાસે PAN કાર્ડ હોય તો શાખામાં સત્વરે જમા કરવા વિનંતી.

૬. બેંકના સભાસદ કે નોમીનલ મેમ્બરની ટર્મ ડિપોઝીટ / રીકરીંગ ડિપોઝીટ પર પણ TDS કપાતને પાત્ર રહેશે

નોંધ : જે ખાતેદારના KYC ડોક્યુમેન્ટ બેંકમાં જમા કરાવવાના બાકી હોય તેમણે સત્વરે તેમના માન્ય ફોટો ID તથા એડ્રસ પ્રુફ જમા કરાવવા.

જનરલ મેનેજર
ધી ગણદેવી પીપલ્સ કો.ઓ. બેંક લી,
ગણદેવી

## ઓડિટર્સ રીપોર્ટ

આપની બેંકના હિસાબી વર્ષ ૨૦૧૪-૧૫ ના સ્ટેચ્યુટરી ઓડીટર તરીકે અમારી નિમણૂંક બેંકની બોર્ડ ઓફ ડિરેકટર્સની મીટીંગના ઠરાવ નં. ૧૩ તા. ૧૭-૧-૨૦૧૪ થી કરવામાં આવેલ હતી. હુકમની શરતોને આધીન અમોએ અમારી ઓડીટ કામગીરી બેંક દ્વારા વખતો વખત પુરી પાડવામાં આવેલ માહિતીના આધારે પુર્ણ કરેલ છે. આ સંસ્થાનું તા. ૩૧-૩-૨૦૧૫ ના રોજનું પાકુ સરવૈયું તથા એ જ દિને પુરા થતા વર્ષનું નફા-નુકશાન પત્રક તથા હિસાબી દફતરની ચકાસણી કરી નીચે મુજબ અહેવાલ રજુ કરીએ છીએ.

૧. બેંકની વ્યવસ્થાપક સમિતિ દ્વારા બેંકનો વહીવટ સહકારી કાયદા-કાનુનની જોગવાઈઓ અને પેટા નિયમને આધિન રહીને ચલાવવામાં આવે છે, અને કાયદા-કાનુનની જોગવાઈઓનું સમિતિ દ્વારા પાલન થયેલ છે.

૨. બેંકની વ્યવસ્થાપક સમિતિ દ્વારા આર.બી.આઈ. ના વખતો વખતનાં સરક્યુલર્સ/ઠરાવો અને માર્ગદર્શક સુચનાઓ વિગેરેનું પાલન કરવામાં આવે છે.

૩. બેંકમાં હિસાબી દફતર વાર્ષિક હિસાબો/હિસાબી પધ્ધતિ રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની સુચના / સહકારી કાયદાની જોગવાઈ સંદર્ભે નિભાવવામાં આવેલ છે.

૪. બેંકનું સરવૈયું બેંકની આર્થિક સ્થિતિનું વાસ્તવિક ચિત્ર દર્શાવે છે. સરવૈયામાં દર્શાવેલ મુડી દેવા અને મિલકત-લેણાં નફા-નુકશાનની પરિસ્થિતિ વાસ્તવિક અને ખરી છે.

૫. બેંક દ્વારા એસ.એલ.આર. અને સી.આર.આર. ના ધોરણ જળવાયેલ છે.

૬. બેંક દ્વારા આર.બી.આઈ. ની એન.પી.એ. અંગેની ગાઈડ લાઈન્સ મુજબ મિલકતોનું વર્ગીકરણ કરવામાં આવેલ છે અને તે અંગે પર્યાપ્ત જોગવાઈ કરવામાં આવેલ છે.

૭. બેંકના વ્યવસ્થાપક મંડળના સભ્યોને અને તેમના કુટુંબીજનોને કરવામાં આવેલ ધિરાણ આર.બી.આઈ. ની સુચના તથા સહકારી કાયદા કાનૂનની જોગવાઈઓ અનુસાર કરવામાં આવેલ છે, તેમજ તમામ ધિરાણ વસુલાત આવી શકે તેમ છે.

૮. બેંકના હોદ્દેદારો કે ડીરેકટર્સશ્રી દ્વારા સહકારી કાયદા-કાનૂન કે પેટા નિયમોની જોગવાઈ મુજબ ગેરલાયકાત વ્હોરેલ નથી.

૯. બેંકના કાર્યવાહકો દ્વારા વનટાઈમ સેટલમેન્ટ યોજના કે ડીપોઝીટ સેટ ઓફ યોજનાની ગાઈડ લાઈન્સનું પાલન કરવામાં આવેલ છે.

૧૦. હિસાબી વર્ષ દરમ્યાન લેણાં માંડવાળ કરવાના કિસ્સાઓમાં આર.બી.આઈ. તથા સહકાર ખાતા દ્વારા ઈસ્યુ કરેલ સુચનાઓનું પાલન કરવામાં આવેલ છે.

૧૧. કોર્ટ રાહે સમાધાન માંડવાળના કિસ્સાઓમાં સંસ્થાનું નાણાંકીય હિત જોખમાયેલ નથી.

વિનોદ દેસાઈ એન્ડ એસોસીએટ્સ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
પેનલ નંબર : ૫૪૭/૨૦૧૪-૧૫

તારીખ : ૮-૬-૨૦૧૫
સ્થળ : નવસારી.

# ધી ગણદેવી પીપલ્સ કો. ઓપરેટીવ બેંક લી. ગણદેવી

## તા. ૩૧-૩-૨૦૧૫ નાં રોજનું સરવૈયું

| તા. ૩૧-૩-૨૦૧૪ રૂા. પૈસા | ભંડોળ તથા દેવું | રૂા. પૈસા | તા. ૩૧-૩-૨૦૧૫ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૪,૦૦,૦૦,૦૦૦-૦૦ | **અધિકૃત મુડી** | | ૪,૦૦,૦૦,૦૦૦-૦૦ |
| ૧,૯૩,૫૨,૭૨૫-૦૦ | વસુલ આવેલ મુડી | | ૨,૦૪,૫૦,૭૦૦-૦૦ |
| ૧,૬૦,૩૫,૨૦૮-૦૦ | રીઝર્વ ફંડ | ૧,૯૯,૯૧,૪૮૭-૦૦ | |
| ૭૭,૬૮,૪૧૪-૦૦ | ઈમારત ફંડ | ૮૬,૬૯,૨૭૭-૦૦ | |
| ૩૧,૩૮,૯૩૬-૦૦ | ડુબત લેણાં અનામત ફંડ | ૪૪,૨૭,૧૧૯-૦૦ | |
| ૩,૬૬,૧૭,૬૭૨-૬૧ | અન્ય ફંડો (પરિશિષ્ટ - ૧) | ૩,૮૮,૮૪,૧૧૮-૪૧ | |
| | | | ૭,૧૯,૭૨,૦૦૧-૪૧ |
| | **થાપણ :** | | |
| ૪૫,૬૩,૭૧,૬૦૮-૫૦ | મુદતી થાપણ | ૫૪,૪૪,૭૫,૮૮૯-૫૦ | |
| ૧૦,૭૬,૩૩,૭૬૬-૭૦ | બચત થાપણ | ૧૩,૫૮,૩૨,૮૪૬-૩૩ | |
| ૨,૧૫,૦૪,૮૦૩-૪૧ | ચાલુ થાપણ | ૨,૯૪,૩૫,૩૨૬-૯૯ | ૭૦,૯૭,૪૪,૦૬૨-૮૨ |
| ૫૭,૦૩,૮૯૦-૦૦ | ચુકવવા પાત્ર વ્યાજ | | ૪૬,૩૭,૬૬૪-૦૦ |
| ૨૯,૧૭,૫૪૯-૦૦ | મુદતવીતી વ્યાજ રીઝર્વ | | ૨૦,૩૬,૩૯૧-૧૫ |
| ૪,૭૩,૧૬૯-૦૦ | બીલ્સ ફોર કલેકશન (સામે દર્શાવેલ બીલ્સ રીસીવેબલ મુજબ) | | ૧૦,૨૦,૪૭૦-૦૦ |
| | **અન્ય જવાબદારીઓ :** | | |
| ૧૬,૬૬,૧૫૭-૦૦ | ડિવિડન્ડ | ૧૬,૩૧,૬૮૩-૦૦ | |
| ૪,૦૨,૫૭૬-૯૨ | અનામત ખાતુ | ૩,૪૫,૨૪૪-૭૦ | |
| ૯૨,૨૦૦-૦૦ | શેર અરજી | ૬૯,૯૮૫-૦૦ | |
| ૧૬,૧૮૦-૦૦ | નોમીનલ સભ્ય ફી | ૧૬,૭૬૦-૦૦ | |
| ----- | નોમીનેશન ડિપોઝીટ | ૩૬,૦૦૦-૦૦ | |
| ૧,૮૩,૫૦૦-૦૦ | વાહન નોંધણી ડિપોઝીટ | ૧,૮૧,૦૦૦-૦૦ | |
| ૧૨,૪૭,૮૧૦-૦૦ | દૈનિક એજન્ટ ડિપોઝીટ | ૯,૪૬,૧૬૦-૦૦ | |
| ૫,૧૭,૮૦૩-૦૬ | ચુકવવાના બાકી ખર્ચ | ૭,૯૦,૩૦૭-૦૬ | |
| ૩,૭૮,૩૬૭-૦૦ | એડવાન્સ લોકર્સ ભાડા આવક | ૪,૦૩,૪૨૯-૦૦ | |
| ૨,૫૧,૭૫૭-૦૦ | કમિશન ચુકવવાના બાકી | ૨,૮૭,૯૪૩-૦૦ | |
| ૫,૮૮,૨૧૫-૦૦ | અનકલેઈમ ડી. ડી. | ૬,૦૮,૨૭૦-૦૦ | |
| ૧૭,૧૫૦-૦૦ | પે ઓર્ડર ચૂકવવાના બાકી | ૫,૬૬,૧૧૮-૦૦ | |
| ૧,૫૭,૧૨૯-૦૦ | અનકલેઈમ દૈનિક ડીપોઝીટ | ૧,૫૭,૧૨૯-૦૦ | |
| ૫૭,૭૬૪-૪૫ | દાવા ડીપોઝીટ જોગવાઈ | ૫૪,૧૦૭-૦૦ | |
| ૪,૫૧,૮૫૫-૦૦ | અર્બન બેંક ઈકવીલાઈઝેશન ફંડ | ૬,૮૭,૬૫૬-૦૦ | |
| ----- | ડેફ સ્કીમ ડિપોઝીટ | ૧૫,૩૮,૬૬૭-૭૯ | ૮૩,૨૦,૪૫૯-૫૫ |
| | **નફાનુકશાન ખાતુ :** | | |
| ૭૫,૬૪,૯૩૮-૪૬ | શરૂઆતની બાકી | ૮૫,૮૭,૮૮૮-૮૦ | |
| ૭૫,૬૪,૯૩૮-૪૬ | બાદ : ફાળવણી | ૮૫,૮૭,૮૮૮-૮૦ | |
| ------ | | ------ | |
| ૮૫,૮૭,૮૮૮-૮૦ | ઉમેરો : ચાલુ વર્ષનો નફો | ૧,૦૩,૬૫,૪૯૪-૬૭ | ૧,૦૩,૬૫,૪૯૪-૬૭ |
| ૬૯,૨૧,૩૪,૦૯૫-૪૫ | | | ૮૨,૮૫,૪૭,૨૪૩-૬૦ |

બેંક ગેરંટી રૂા. ૭,૭૮,૦૦૦-૦૦ જેની સામે ૧૦૦% બેંક ડિપોઝીટ મેળવેલી છે.

અમારા આજ તારીખના રીપોર્ટ તેમજ સામાન્ય શેરોને આધીન
વિનોદ દેસાઈ એન્ડ એસોસીએટસ્,
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, નવસારી.

મહેન્દ્રભાઈ બી. ટેલર
ચીફ એકાઉન્ટન્ટ

હેમાંશુભાઈ બી. વૈદ્ય
જનરલ મેનેજર

# ધી ગણદેવી પીપલ્સ કો. ઓપરેટીવ બેંક લી. ગણદેવી

## તા. ૩૧-૩-૨૦૧૫ નાં રોજનું સરવૈયું

| તા. ૩૧-૩-૨૦૧૪ રૂા. પૈસા | મિલ્કત તથા લેણું | રૂા. પૈસા | તા. ૩૧-૩-૨૦૧૫ રૂા. પૈસા |
|---|---|---|---|
| | **રોકડ :** | | |
| | હાથમાંની તેમજ રીઝર્વ બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, રાજય તથા જિલ્લા મદયસ્થ સહકારી બેંકમાં | | |
| ૮૬,૪૭,૦૧૯-૦૦ | હાથ પર રોકડ | ૭૪,૪૫,૬૨૬-૦૦ | |
| ૬૯,૧૦,૨૧૩-૫૫ | ચાલુ ખાતામાં | ૧,૮૬,૦૪,૭૭૪-૭૦ | |
| ૨,૮૩,૨૦,૦૦૦-૦૦ | મુદ્દતી થાપણો | ૪,૫૮,૪૬,૭૪૭-૦૦ | ૭,૧૮,૯૭,૧૪૭-૭૦ |
| | **બીજી બેંકોમાંની સિલકો :** | | |
| ૧,૨૩,૬૭,૭૫૮-૬૬ | ચાલુ ખાતામાં | ૧,૬૦,૫૩,૦૪૬-૬૯ | |
| ૮,૦૫,૩૪,૧૫૬-૬૦ | મુદ્દતી થાપણો | ૯,૦૫,૬૪,૨૦૪-૬૦ | ૧૦,૬૬,૧૭,૨૫૧-૨૯ |
| ૧૫,૮૮,૮૧,૬૯૫-૦૦ | **રોકાણો : (પરિશિષ્ટ - ૨)** | | ૧૭,૦૩,૪૯,૮૨૦-૦૦ |
| | **ધિરાણો :** | | |
| ૨૪,૧૨,૩૩,૩૫૭-૩૯ | ૧. ટૂકી મુદત | ૨૮,૯૯,૧૯,૫૧૩-૬૭ | |
| ૨,૬૨,૨૬,૭૧૨-૮૦ | ૨. મધ્યમ મુદત | ૨,૬૫,૭૪,૨૩૨-૦૦ | |
| ૮,૦૫,૯૦,૧૨૮-૦૦ | ૩. લાંબી મુદત | ૧૧,૨૭,૦૬,૨૫૦-૦૦ | ૪૨,૯૧,૯૯,૯૯૫-૬૭ |
| | **ઉપરોકત પૈકી મુદતવીતી** | | |
| | ૩૧-૩-૨૦૧૪ / ૩૧-૩-૨૦૧૫ | | |
| | ૭,૦૩,૪૧૬-૧૨ ટુકી મુદત ૭૫,૦૦૦-૦૦ | | |
| | ૪,૪૦,૨૩૮-૦૦ મધ્યમ મુદત ૫,૨૭,૩૮૭-૦૦ | | |
| | ૨,૭૬,૮૭૭-૦૦ લાંબી મુદત ૧,૦૪,૧૯૮-૦૦ | | |
| | ૧૪,૨૦,૫૩૧-૧૨ / ૭,૦૬,૫૮૫-૦૦ | | |
| | જેની સામે શકમંદ લેણા ફંડની પૂરેપૂરી રકમની જોગવાઈ કરેલ છે | | |
| | **મળવાપાત્ર વ્યાજ :** | | |
| ૮૯,૧૧,૧૩૫-૦૦ | રોકાણો / બેંક થાપણો | ૧,૦૦,૮૭,૩૦૦-૦૦ | |
| ૩૭,૯૧,૫૯૧-૦૦ | ધિરાણો | ૩૦,૩૩,૭૬૨-૧૫ | ૧,૩૧,૨૧,૦૬૨-૧૫ |
| | **મળવાપાત્ર ધિરાણ વ્યાજ પૈકી** | | |
| | ૩૧-૩-૨૦૧૪ / ૩૧-૩-૨૦૧૫ | | |
| | ૨૯,૧૭,૫૪૯-૦૦ મુદતવીતી વ્યાજ ૨૦,૩૬,૩૯૧-૧૫ | | |
| | ૨૯,૧૭,૫૪૯-૦૦ મુદતવીતી વ્યાજ રીઝર્વ ૨૦,૩૬,૩૯૧-૧૫ | | |
| ૪,૭૩,૧૬૯-૦૦ | બીલ્સ રીસીવેબલ ( સામે દર્શાવેલ બીલ્સ ફોર કલેકશન મુજબ ) | | ૧૦,૨૦,૪૭૦-૦૦ |
| ૫૦૦-૦૦ | શાખાના હવાલા | | ----- |
| ૩૧,૧૯,૮૮૦-૦૦ | મકાન ( ઘસારા બાદ ) | | ૨૫,૩૭,૫૮૦-૦૦ |
| ૩૫,૫૮,૩૧૧-૦૦ | રાચરચીલું ( ડેડસ્ટોક-ફર્નીચર ઘસારા બાદ ) | | ૩૪,૯૪,૭૧૧-૦૦ |
| ૫,૨૭,૦૬૩-૦૦ | કોમ્પ્યુટર્સ ( ઘસારા બાદ ) | | ૬,૩૩,૮૫૬-૦૦ |
| ૨,૮૦,૪૧,૪૦૫-૪૫ | અન્ય ચાલુ મિલકતો (પરિશિષ્ટ - ૩) | | ૨,૯૬,૭૫,૩૪૯-૭૯ |
| ૬૯,૨૧,૩૪,૦૯૫-૪૫ | | | ૮૨,૮૫,૪૭,૨૪૩-૬૦ |

| શૈલેષભાઈ એલ. શાહ | ગોપાળભાઈ એમ. ગોહિલ | જસ્મીનભાઈ જે. દેસાઈ |
|---|---|---|
| સેક્રેટરી | ઉપપ્રમુખ | પ્રમુખ |

# ધી ગણદેવી પીપલ્સ કો. ઓપરેટીવ બેંક લી. ગણદેવી

## તા. ૩૧-૩-૨૦૧૫ નાં રોજ પુરા થતાં વર્ષનું નફા-તોટા ખાતુ

| તા. ૩૧-૩-૨૦૧૪ રૂા. પૈસા | ઉપજ | રૂા. પૈસા | તા. ૩૧-૩-૨૦૧૫ રૂા. પૈસા |
|---|---|---|---|
| | **વ્યાજ આવક :** | | |
| ૫,૦૬,૪૧,૨૦૮-૦૦ | ધિરાણ | ૫,૬૮,૬૪,૫૩૮-૭૩ | |
| ૧,૯૩,૫૪,૩૦૦-૯૮ | રોકાણ / બેંક થાપણો | ૨,૨૮,૭૨,૧૮૭-૩૧ | ૭,૯૭,૩૬,૭૨૬-૦૪ |
| ૨,૦૯,૮૪૭-૨૩ | **કમિશન :** | | ૧,૫૦,૬૧૦-૬૨ |
| | **બીજી આવક :** | | |
| ૨,૯૦,૭૮૯-૮૮ | ઈન્સીડન્ટલ ચાર્જ | ૨,૭૮,૧૦૪-૨૪ | |
| ૪,૬૩,૧૧૪-૦૦ | લોકર્સ ભાડા | ૬,૦૫,૪૩૮-૦૦ | |
| ૧૫,૪૨૫-૦૦ | સર્વિસ ચાર્જ | ૧૯,૫૫૫-૦૦ | |
| ૧,૯૪,૫૨૫-૬૩ | સ્ટેશનરી આવક | ૧,૩૭,૮૨૫-૫૪ | |
| ૫,૫૦,૦૮૫-૦૦ | પરચુરણ આવક | ૬,૧૬,૨૯૪-૪૫ | ૧૬,૫૭,૨૧૭-૨૩ |
| ૭,૧૭,૧૯,૨૯૫-૭૨ | | | ૮,૧૫,૪૪,૫૫૩-૮૯ |

અમારા આજ તારીખના રીપોર્ટ તેમજ સામાન્ય શેરોને આધીન
વિનોદ દેસાઈ એન્ડ એસોસીએટસ્,
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, નવસારી.

મહેન્દ્રભાઈ બી. ટેલર
ચીફ એકાઉન્ટન્ટ

હેમાંશુભાઈ બી. વૈદ્ય
જનરલ મેનેજર

# ધી ગણદેવી પીપલ્સ કો. ઓપરેટીવ બેંક લી. ગણદેવી

## તા. ૩૧-૩-૨૦૧૫ નાં રોજ પુરા થતાં વર્ષનું નફા-તોટા ખાતુ

| તા. ૩૧-૩-૨૦૧૪ રૂા. પૈસા | ખર્ચ | રૂા. પૈસા | તા. ૩૧-૩-૨૦૧૫ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૩,૯૮,૨૧,૯૩૫-૦૦ | વ્યાજ ખર્ચ | | ૪,૫૩,૬૪,૩૪૭-૦૨ |
| ૭૬,૬૬,૯૦૭-૦૦ | કર્મચારી, મહેનતાણા ભથ્થા, પ્રો.ફંડ વિગેરે | | ૮૭,૧૫,૧૦૦-૦૦ |
| ૭,૮૮,૬૪૯-૦૦ | ભાડુ, વેરો, વીમો, વીજળી વિગેરે | | ૬,૬૬,૮૪૧-૦૦ |
| ૧,૨૪,૧૦૦-૦૦ | કાનૂની ખર્ચ | | ૩,૬૧,૬૦૦-૦૦ |
| ૧,૨૬,૫૦૪-૨૯ | ટપાલ, ટેલિફોન | | ૧,૨૫,૮૪૭-૩૬ |
| ૧,૪૧,૦૦૦-૦૦ | ઓડિટ ફી | | ૧,૭૩,૦૦૦-૦૦ |
| | **મિલકત ઘસારા તથા મરામત ખર્ચ** | | |
| ૧૦,૩૭,૩૧૨-૧૪ | ઘસારા | ૯,૭૨,૯૪૧-૦૦ | |
| ૨,૨૦,૨૨૮-૦૦ | મરામત ખર્ચ | ૧,૧૪,૪૬૦-૫૯ | ૧૦,૮૭,૪૦૧-૫૯ |
| ૧,૧૨,૧૯૫-૦૦ | જાહેરાત ખર્ચ | | ૧,૭૪,૧૨૫-૦૦ |
| ૧૧,૬૭,૩૩૮-૪૯ | અન્ય ખર્ચ **(પરિશિષ્ટ - ૪)** | | ૧૭,૫૪,૮૭૯-૨૫ |
| ૨૮,૬૬,૪૫૫-૦૦ | દૈનિક ડિપોઝીટ યોજના કમિશન | | ૩૧,૯૨,૪૭૩-૦૦ |
| ૫,૫૯,૫૩૧-૦૦ | ડીપોઝીટ વીમા પ્રિમિયમ | | ૬,૨૭,૨૧૮-૦૦ |
| ૫૫,૪૯,૨૫૨-૦૦ | ઈન્કમટેક્ષ | | ૬૫,૧૯,૭૨૭-૦૦ |
| | **જોગવાઈ :** | | |
| ૫૦,૦૦૦-૦૦ | સ્ટાન્ડર્ડ એસેટ ફંડ જોગવાઈ | ૬,૦૦,૦૦૦-૦૦ | |
| ૧૯,૦૦,૦૦૦-૦૦ | બિલ્ડીંગ ફંડ જોગવાઈ | ૫,૦૦,૦૦૦-૦૦ | |
| ૫,૦૦,૦૦૦-૦૦ | ડિવિડન્ડ ઈક્વીલાઈઝેશન ફંડ જોગવાઈ | ૫,૦૦,૦૦૦-૦૦ | |
| ૫,૦૦,૦૦૦-૦૦ | ઈન્વેસ્ટમેન્ટ ફલચ્યુએશન રીઝર્વ (IFR) | ૮,૧૬,૫૦૦-૦૦ | ૨૪,૧૬,૫૦૦-૦૦ |
| ૮૫,૮૭,૮૮૮-૮૦ | ચોખ્ખો નફો (સરવૈયામાં લઈ ગયા) | | ૧,૦૩,૬૫,૪૯૪-૬૭ |
| ૭,૧૭,૧૯,૨૯૫-૭૨ | | | ૮,૧૫,૪૪,૫૫૩-૮૯ |

શૈલેષભાઈ એલ. શાહ — સેક્રેટરી

ગોપાળભાઈ એમ. ગોહિલ — ઉપપ્રમુખ

જસ્મીનભાઈ જે. દેસાઈ — પ્રમુખ

## પરિશિષ્ટ - ૧

| તા. ૩૧-૩-૨૦૧૪ રૂા. પૈસા | અન્ય ફંડો | રૂા. પૈસા | તા. ૩૧-૩-૨૦૧૫ રૂા. પૈસા |
|---|---|---|---|
| | **ડિવિડન્ડ ઈક્વીલાઈઝેશન ફંડ** | | |
| ૩,૩૩,૩૪૦-૦૦ | આગળના વર્ષની બાકી | ૯,૫૬,૦૫૨-૦૦ | |
| ૧,૨૨,૭૧૨-૦૦ | ઉમેરો : નફાની ફાળવણી | ૧,૩૩,૬૨૧-૦૦ | |
| ૫,૦૦,૦૦૦-૦૦ | ઉમેરો : ચાલુ વર્ષે કરેલ જોગવાઈ | ૫,૦૦,૦૦૦-૦૦ | ૧૫,૮૯,૬૭૩-૦૦ |
| ૨૫,૬૮,૦૦૦-૦૦ | **શકમંદ લેણા ફંડ :** | | ૨૫,૬૮,૦૦૦-૦૦ |
| | **સ્ટાન્ડર્ડ એસેટ્સ ફંડ** | | |
| ૯,૦૦,૦૦૦-૦૦ | આગળના વર્ષની બાકી | ૯,૫૦,૦૦૦-૦૦ | |
| ૫૦,૦૦૦-૦૦ | ઉમેરો : ચાલુ વર્ષે કરેલ જોગવાઈ | ૬,૦૦,૦૦૦-૦૦ | ૧૫,૫૦,૦૦૦-૦૦ |
| ૨,૭૮,૫૦,૦૦૦-૦૦ | **રોકાણ ઘસારા ફંડ** | | ૨,૭૮,૫૦,૦૦૦-૦૦ |
| | **ઈન્વેસ્ટમેન્ટ ફલચ્યુએશન રીઝર્વ (IFR)** | | |
| ૫,૦૦,૦૦૦-૦૦ | આગળના વર્ષની બાકી | ૫,૦૦,૦૦૦-૦૦ | |
| -------- | ઉમેરો : ચાલુ વર્ષે કરેલ જોગવાઈ | ૮,૦૦,૦૦૦-૦૦ | ૧૩,૦૦,૦૦૦-૦૦ |
| | **કેળવણી ફંડ :** | | |
| ૮૬,૯૬૩-૧૮ | આગળના વર્ષની બાકી | ૧,૪૮,૩૧૮-૩૦ | |
| ૬૧,૩૫૫-૧૨ | ઉમેરો : નફાની ફાળવણી | ૬૬,૮૧૦-૦૦ | ૨,૧૫,૧૨૮-૩૦ |
| | **સભાસદ વ્યાજ વળતર ફંડ :** | | |
| ૧,૫૩,૨૯૫-૯૯ | આગળના વર્ષની બાકી | ૨,૭૬,૦૦૮-૦૦ | |
| ૧,૨૨,૭૧૨-૦૧ | ઉમેરો : નફાની ફાળવણી | ૧,૩૩,૬૨૧-૦૦ | ૪,૦૯,૬૨૯-૦૦ |
| | **બેંકની પ્રગતિ અને પ્રચાર ફંડ :** | | |
| ૧,૪૧,૬૪૫-૬૪ | આગળના વર્ષની બાકી | ૨,૬૪,૩૫૭-૭૦ | |
| ૧,૨૨,૭૧૨-૦૬ | ઉમેરો : નફાની ફાળવણી | ૧,૩૩,૬૨૧-૩૦ | ૩,૯૭,૯૭૯-૦૦ |
| | **ધર્માદા ફંડ :** | | |
| ૬૨,૭૮૨-૬૦ | આગળના વર્ષની બાકી | ૧,૧૩,૧૩૭-૬૦ | |
| ૬૧,૩૫૫-૦૦ | ઉમેરો : નફાની ફાળવણી | ૬૬,૮૧૦-૦૦ | |
| | | ૧,૭૯,૯૪૭-૬૦ | |
| ૧૧,૦૦૦-૦૦ | બાદ : ચૂકવ્યા | ૨૧,૦૦૦-૦૦ | ૧,૫૮,૯૪૭-૬૦ |
| | **આકસ્મિક ફંડ :** | | |
| ૨,૩૨,૦૫૭-૦૧ | આગળના વર્ષની બાકી | ૪,૧૬,૧૨૪-૦૧ | |
| ૧,૮૪,૦૬૭-૦૦ | ઉમેરો : નફાની ફાળવણી | ૨,૦૦,૪૩૧-૫૦ | ૬,૧૬,૫૫૫-૫૧ |
| | **બીલ્ડીંગ રીવેલ્યુએશન રીઝર્વ ફંડ** | | |
| ૨૩,૬૧,૬૦૦-૦૦ | આગળના વર્ષની બાકી | ૨૧,૯૧,૬૦૦-૦૦ | |
| ૧,૭૦,૦૦૦-૦૦ | બાદ : ઘસારા જોગવાઈ | ૫,૪૭,૯૦૦-૦૦ | ૧૬,૪૩,૭૦૦-૦૦ |
| | **સભાસદ કલ્યાણ ફંડ** | | |
| ૨,૦૦,૦૦૮-૦૦ | આગળના વર્ષની બાકી | ૩,૮૪,૦૭૫-૦૦ | |
| ૧,૮૪,૦૬૭-૦૦ | ઉમેરો : નફાની ફાળવણી | ૨,૦૦,૪૩૧-૦૦ | ૫,૮૪,૫૦૬-૦૦ |
| ૩,૬૬,૧૭,૬૭૨-૬૧ | | | ૩,૮૮,૮૪,૧૧૮-૪૧ |

## પરિશિષ્ટ - ૨

| તા. ૩૧-૩-૨૦૧૪ રૂા. પૈસા | રોકાણો | તા. ૩૧-૩-૨૦૧૫ રૂા. પૈસા |
|---|---|---|
| ૧૫,૦૪૦-૦૦ | સહ સંસ્થાઓમાં શેર રોકાણ | ૧૫,૦૪૦-૦૦ |
| ૧૪,૯૦,૮૩,૧૫૫-૦૦ | સરકારી જામીનગીરી | ૧૫,૯૦,૬૭,૬૫૫-૦૦ |
| | (દાર્શનિક કિંમત ૧૬,૩૪,૧૦,૦૦૦-૦૦) | |
| | (બજાર કિંમત ૧૬,૬૩,૭૫,૦૦૦-૦૦) | |
| ૯૭,૮૩,૫૦૦-૦૦ | ટ્રેઝરી બીલ | ૧,૧૨,૬૭,૧૨૫-૦૦ |
| | (દાર્શનિક કિંમત ૧,૧૫,૦૦,૦૦૦-૦૦) | |
| ૧૫,૮૮,૮૧,૬૯૫-૦૦ | | ૧૭,૦૩,૪૯,૮૨૦-૦૦ |

## પરિશિષ્ટ - ૩

| તા. ૩૧-૩-૨૦૧૪ રૂા. પૈસા | અન્ય ચાલુ મિલકતો | તા. ૩૧-૩-૨૦૧૫ રૂા. પૈસા |
|---|---|---|
| ૧,૪૮,૭૦૦-૦૦ | સ્ટેશનરી સ્ટોક | ૧,૨૬,૩૦૦-૦૦ |
| ૫૭,૭૬૪-૪૫ | દાવા ડીપોઝીટ | ૫૪,૧૦૭-૦૦ |
| ૯૬,૯૦૦-૦૦ | એડહેઝીવ સ્ટેમ્પ | ૬૧,૦૦૦-૦૦ |
| ૩૧,૭૯૧-૦૦ | મળવાનું બાકી લોકર્સ ભાડુ | ૩૫,૭૯૧-૦૦ |
| ૨,૭૭,૦૬,૨૫૦-૦૦ | અન્ય રોકાણો | ૨,૭૭,૦૬,૨૫૦-૦૦ |
| ------- | ડેફ સ્કીમ ડિપોઝીટ - રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા | ૧૫,૩૮,૬૬૭-૭૯ |
| ------- | મળવાની બાકી ડેફ સ્કીમ ડિપોઝીટ | ૩,૨૩૪-૦૦ |
| ------- | એડવાન્સીસ | ૧,૫૦,૦૦૦-૦૦ |
| ૨,૮૦,૪૧,૪૦૫-૪૫ | | ૨,૯૬,૭૫,૩૪૯-૭૯ |

## પરિશિષ્ટ - ૪

| તા. ૩૧-૩-૨૦૧૪ રૂા. પૈસા | અન્ય ખર્ચ | તા. ૩૧-૩-૨૦૧૫ રૂા. પૈસા |
|---|---|---|
| ૧,૦૧,૨૯૬-૦૦ | મુસાફરી ખર્ચ | ૨,૨૧,૦૦૬-૦૦ |
| ૪,૬૭,૭૭૪-૫૫ | પરચુરણ ખર્ચ | ૪,૭૫,૦૨૧-૦૧ |
| ૮,૦૨૦-૦૦ | બુક બાઈન્ડીંગ ખર્ચ | ૧૦,૫૭૦-૦૦ |
| ------- | ચૂંટણી ખર્ચ | ૨,૬૦,૬૬૧-૦૦ |
| ૪૭,૯૦૦-૦૦ | સભ્ય ફી લવાજમ ખર્ચ | ૪૫,૧૩૬-૦૦ |
| ૯૧,૭૮૦-૪૯ | કલીયરીંગ હાઉસ ખર્ચ | ૧,૦૨,૭૨૨-૯૬ |
| ૪૮,૭૯૦-૦૦ | જનરલ સભા ખર્ચ | ૬૧,૫૮૦-૦૦ |
| ૧,૩૨,૦૦૦-૦૦ | કેલેન્ડર ખર્ચ | ૧,૩૮,૦૬૦-૦૦ |
| ૧,૬૧,૭૩૨-૪૫ | સર્વીસ ટેક્ષ ખર્ચ | ૩,૩૮,૨૩૮-૨૮ |
| ૧,૦૮,૦૪૫-૦૦ | કર્મચારી તાલીમ અને કોન્ફરન્સ મીટીંગ ખર્ચ | ૧,૦૧,૮૮૪-૦૦ |
| ૧૧,૬૭,૩૩૮-૪૯ | | ૧૭,૫૪,૮૭૯-૨૫ |

# Notes on Accounts forming parts of Financial Statements :-

1. Reserve funds are created from appropriation of profits as per norms prescribed under provisions of Gujarat State Co-op. Act,1961 and as per bank by-laws, except the Building Revaluation Reserve Fund which is created by revaluation of building in F.Y.2006-07 appropriate depreciation to the part of revaluation is also provided and debited to this fund.

2. Interest payable on Cumulative deposits are included in the value of Term Deposits shown in the Balance Sheet. Interest payable on other deposits is shown as Liabilities under the head "Interest Payable".

3. Depreciation on Investments are provided as per RBI guidelines and is debited to Profit & Loss A/c under head "Prov. of Depreciation on Investments" in past years.

4. Advances to the members are properly classified into performing and non-performing assets. An appropriate provision for non-performing assets are made by the as per RBI guidelines.

5. Fixed assets are shown at historical cost less depreciation provided thereon on WDV method, except the SLM method apply for the Computers. Building is shown at revalued cost (revalued in F.Y. 2006-07)

6. Income is recognized on accrual method as per Income recognition norms provided by the RBI.

7. Insurance premium of Deposits is paid regularly by the bank as per guidelines of DICGC.

8. Income-tax and Advance I.Tax on current year's income are provided as per Income-Tax Act,1961 and is debited to the Profit & Loss Account.

9. Cash balance as on 31/03/2015 of Head-Office and branches are consider only as certified by the head of the bank. Bank-balances are considered as per Bank-Statements and Reconciliation-statements provided before us..

10. Disclosure of norms as per RBI Circular No. UBD CO BPD(PCB) Cir, No. 52/12.05.001/2013-14 Dated 25th March 2014

1. Capital to Risk Weight Ratio (CRAR) : 17.48
2. Movement in CRAR

| As on 31/03/2014 | Increase / Decrease | As on 31/03/2015 |
|---|---|---|
| 19.39 | (-) 1.91 | 17.48 |

1. Investment :

a) Face Value : 1749.10 lac

b) Book Value (Cost ) : 1703.35 lac

c) Market Value : 1778.75 lac

Note : above investment are made in Held to Maturity (HTM) Category

Non - SLR Investment

| No. | Issuer | Amount | Extent of 'below investment grade securities'. | Extent of' 'unrated Securities' | Extent of unlisted Securities. |
|---|---|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) | (5) | (6) |
| 1 | PSUs | 0.00 | | | |
| 2 | FIE | 0.00 | | | |
| 3 | Public Sector Banks | 0.00 | | | |
| 4 | Mutual Funds | 0.00 | | | |
| 5 | Others | 0.54 | | | |
| 6 | Provision Held towards Depreciation | 0.39 | | | |

Non – Performing Non SLR Investment

| Particulars | Amount |
|---|---|
| Opening Balance | 0.39 |
| Additions during the year since 1st April | 0.00 |
| Reduction during the above period | 0.00 |
| Closing Balance | 0.39 |
| Total Provisions held | 0.39 |

4. Advance against real estate, construction business, housing
   - To purchase and construct new Residential house :-Rs, 513.42 lac
   - To purchase and construct new Commercial Buildings:-Rs. 162.62 lac
   - To real estate project :-NIL

5. Advance against shares and debentures :- NIL

6. Advance to Directors, their relatives, companies / firms in which they are interested
   a) Fund base : - Sanction Rs.15.48 Lac and Outstanding Rs.11.56 Lac
   b) Non-Fund based :- NIL
   Note: Above facility given Bank's FD and LIC policy.
7. Cost of Deposits : Average Cost of Deposits 7.00 %
8. NPAs
   a) Gross NPAs :- 7.06
   b) Net NPAs :- 0.00

9.Movement of NPAs

| Particulars | As on 01/04/2014 | Increase | Decrease | As on 31/03/2015 |
|---|---|---|---|---|
| Gross NPA | 22.06 | 0.00 | 15.00 | 7.06 |
| Net NPA | 0.00 | 0.00 | 0.00 | 0.00 |

11. Profitability
    a) Interest income as a percentage of working funds :- 9.99%
    b) Non Interest Income as a percentage of working funds :- 0.23 %
    c) Operating profit as Percentage of working funds :- 2.42 %
    d) Return on Assets :- 1.30 %
    e) Business ( Deposits + Advances) per employee :- 759.30
    f) Profit per employee :- 6.91

12. Provisions made towards NPAs, Depreciation in investments, Standard Assets :-
    - Bad & Doubtful Reserve (NPAs) : 69.95 lac
    - Investment Depreciation Fund : 278.50 lac
    - Investment Fluation Fund : 13.00 lac
    - Standard Assets : 15.50 lac

12. Movement in provisions

| Particulars | As on 01/04/2014 | Increase | Decrease | As on 31/03/2015 |
|---|---|---|---|---|
| NPA | 57.07 | 12.88 | 0.00 | 69.95 |
| Investment Depreciation | 278.50 | 0.00 | 0.00 | 278.50 |
| Investment Fluctuation | 5.00 | 8.00 | 0.00 | 13.00 |
| Standard Assets | 9.50 | 6.00 | 0.00 | 15.50 |

13. Foreign currency assets & Liabilities :- Not Applicable

14. Payment of DICGC Insurance Premium :-

| Particulars | Premium for 31-03-2015 | Premium for 30-09-2015 |
|---|---|---|
| Base Amount | 6531.64 | 7233.75 |
| Premium Amount | 3.27 | 4.07 |
| Premium Paid on | 25/10/2014 | 04/05/2015 |

15. Particulars of Account Restructured :- NIL

**For Vinod Desai & Associates**
Chartered Accountants

**(Vinodchandra G Desai) Proprietor**
Membership No. 0V38931
Panel No. 547

# ધી ગણદેવી પીપલ્સ કો. ઓપરેટીવ બેંક લી. ગણદેવી

## સભાસદોના હિતમાં ખાસ જરૂરી

૧. **બેંકમાંથી કરજ લેનારને :** માસિક હપ્તો દરેક માસની દસમી તારીખ સુધીમાં ભરવાનો હોય છે. આ હપ્તાઓ નિયમિત ભરાય તેની કાળજી રાખવી જોઈએ. તે માટે બેંકમાંથી નોટીસ મળવાની રાહ જોવી જોઈએ નહીં.

૨. **જામીન તથા કરજદારોને :** જામીન તથા દરેક કરજદારોએ ખાસ સમજવું જરૂરી છે કે જામીનનો પણ કરજદાર જેટલોજ વ્યકિતગત રીતે જુદા જુદા તેમજ સંયુક્ત રીતે મુદ્દલ વ્યાજ તથા તે અંગે થતા તમામ ખર્ચ સહિતની કુલ બાકી રકમ માટે વખતસર વસુલાત આપવા બેંકને જવાબદાર છે. બેંક ધિરાણની બાબતમાં જેટલી ઉદાર છે તેટલી જ વસુલાત માટે કઠોર પણ થઈ શકે છે.

૩. **સભાસદોને :** આ આપણી જ બેંક છે. આપના બેંકીંગને લગતા તમામ વ્યવહારોને જેવા કે કરન્ટ, સેવિંગ્સ વગેરે ખાતા ચલાવવા, બહારગામ નાણાં મોકલવા વગેરે આ બેંક મારફતે કરવાનું આગ્રહ રાખો.

૪. દરેક ખાતેદારની રૂા. ૧,૦૦,૦૦૦/- સુધીની તમામ પ્રકારની થાપણો જેવી કે મુદતી થાપણ, સેવિંગ્સ, રીકરીંગ, કરન્ટ ખાતુ, દૈનિક બચત થાપણ વિગેરે વીમા યોજના હેઠળ સુરક્ષિત છે.

૫. આ બેંકને જાહેર ટ્રસ્ટની થાપણો સ્વીકારવા સરકારશ્રી તરફથી ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ મુજબ માન્યતા મળેલ છે.

## બેંકની વિશિષ્ટ સેવા

### ૧. દૈનિક બચત યોજના

નાના વેપારીઓ તથા વ્યવસાયિકો છે જેમને સમયનો અભાવ હોય તેમની પાસેથી બેંકના અધિકૃત એજન્ટો આ યોજના હેઠળ દૈનિક બચત એકઠી કરેલ છે. કુલ ૧૭ એજન્ટો હાલમાં કામ કરી રહ્યા છે. આ યોજનાને જનતાનો સારો આવકાર તથા સહકાર મળેલ છે.

### ૨. માસિક વ્યાજ ચુકવણી યોજના

પેન્શનરોને તેમજ વયોવૃદ્ધ વ્યકિતઓ કે જેમને પોતાના નિર્વાહ માટે નાણાંની જરૂર રહે છે. તેમને બાંધી મુદતની થાપણો ઉપર માસિક વ્યાજ ચુકવવામાં આવે છે. ઉપરોક્ત બંને યોજના અંગે વિશેષ માહિતી બેંકના જે તે શાખાના બ્રાંચ મેનેજરો પાસેથી મળી રહે છે.

### ૩. વરિષ્ઠ નાગરિકો માટેની થાપણ યોજના

વરિષ્ઠ નાગરિકો માટેની ખાસ થાપણ યોજનામાં એક વર્ષની ઉપર કે તેથી વધુ મુદતની થાપણો ઉપર અર્ધો ટકો વધુ વ્યાજ આપવાનું નક્કી કરેલ છે.

### ૪. માસિક રીકરીંગ યોજના

માસિક રીકરીંગ ખાતાઓ પણ ખોલવામાં આવે છે.

## આપના માટે

આ બેંકના સભાસદ તરીકે આપણે
યાદ રાખવાનું આ બેંકમાં
નુકશાનીનું ખાતુજ ન પડવુ જોઈએ

આ બેંકના ડીરેકટર્સ બોર્ડના સભ્યોએ યાદ રાખવાનું
તમે લોકોની થાપણના ટ્રસ્ટી છે,
અને આ બેંક એ માત્ર સેવાનું સાધન છે.

આ બેંકના ગ્રાહકોએ યાદ રાખવાનું
બેંક સાથેની લેવડ - દેવડ ખુબજ
ચોખ્ખી અને નિયમિત રાખવી જોઈએ.

આ બેંકના કર્મચારીએ યાદ રાખવાનું
બેંકનો વહીવટ ખુબજ કરકસરથી કરવાનો છે.
માયાળુ વર્તન બેંકની મૂડી બનશે.

# ધી ગણદેવી પીપલ્સ કો. ઓપરેટીવ બેંક લી. ગણદેવી

## તા. ૦૧-૦૪-૨૦૧૫ થી અમલમાં આવતા થાપણના દરો

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | દિવસથી | ૯૦ દિવસ | ૭.૫૦ ટકા | |
| ૯૧ | દિવસથી | ૩૬૪ દિવસ | ૮.૨૫ ટકા | સીનીયર સીટીઝન |
| ૧ | વર્ષથી વધુ | | ૯.૦૦ ટકા | ૯.૫૦ ટકા |

| ક્યુમ્યુલેટીવ થાપણ | | | |
|---|---|---|---|
| રૂા. | ૧૦૦૦-૦૦ ના | ૫૫ માસે | ૧૫૦૪-૦૦ |
| રૂા. | ૧૦૦૦-૦૦ ના | ૯૪ માસે | ૨૦૦૯-૦૦ |

રૂા. ૧૫ લાખ કે તેથી વધુની રકમ ૧ વર્ષ કે તેથી વધુ મુદત માટે ૦.૫૦ (અડધો) ટકો વધુ વ્યાજ આપવામાં આવશે. સીનીયર સીટીઝનનો લાભ ક્યુમ્યુલેટીવ થાપણમાં લાગુ પડશે. સીનીયર સીટીઝન જેમની ઉંમર ૬૦ વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ અને તે અંગેનાં પુરાવા આપવાનાં રહેશે.

## તા. ૦૧-૦૩-૨૦૧૫ થી અમલમાં આવતા ધિરાણનાં વ્યાજનાં દરો નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| એન.એસ.સી. લોન | | ૧૧.૭૫ ટકા |
| એલ.આઈ.સી. લોન | | ૧૨.૦૦ ટકા |
| દાગીના લોન | | ૧૫.૦૦ ટકા |
| જાતજામીન લોન | | ૧૮.૦૦ ટકા |
| સ્થાવર મિલ્કત સામે લોન | | ૧૮.૦૦ ટકા |
| કેશ ક્રેડિટ | | ૧૩.૫૦ ટકા |
| એજ્યુકેશન લોન | | ૧૨.૦૦ ટકા |
| વાહન લોન HP-1 (ટુ વ્હીલર લોન) | | ૧૨.૫૦ ટકા |
| કન્ઝયુમર લોન (ઈલેક્ટ્રોનિક્સ & ફર્નિચર) | | ૧૪.૫૦ ટકા |
| વાહન લોન HP-2 (001) (નવી કાર લોન) | | ૧૨.૭૫ ટકા |
| વાહન લોન HP-3 (002)(જુની કાર લોન) | | ૧૪.૫૦ ટકા |
| વાહન લોન HP-4 (003)(કોમર્શીયલ) | | ૧૪.૫૦ ટકા |
| મશીનરી લોન | | ૧૫.૦૦ ટકા |
| હાઉસીંગ લોન | રૂા. ૧૦,૦૦,૦૦૦-૦૦ સુધી | ૧૨.૫૦ ટકા |
| | રૂા. ૧૦,૦૦,૦૦૦-૦૦ થી વધુ | ૧૩.૦૦ ટકા |
| કોમર્શીયલ પ્રોપર્ટી પરચેઝ લોન | | ૧૩.૫૦ ટકા |




મનાલી મુકામે યોજાયેલ સાઉથ ગુજરાત અર્બન કો-ઓ. બેંક ફેડરેશનના **સાતમો સ્કોબા એવોર્ડ** સ્વીકારતા બેંકના વાઈસ ચેરમેનશ્રી ગોપાળભાઈ ગોહીલ, સેક્રેટરી શ્રી શૈલેષભાઈ શાહ તથા જનરલ મેનેજર શ્રી હેમાંશુ વૈદ્ય.




હૈદ્રાબાદ મુકામે યોજાયેલ બેંકીંગ ફ્રન્ટીયરના એવોર્ડ સમારંભમાં **'બેસ્ટ NPA મેનેજમેન્ટ' પ્રથમ રેંક** માટેનો એવોર્ડ સ્વીકારતા બેંકના પ્રમુખશ્રી જસ્મીનભાઈ દેસાઈ, સેક્રેટરી શ્રી શૈલષભાઈ શાહ, ડિરેક્ટરશ્રી ગુલાબભાઈ પટેલ તથા જનરલ મેનેજરશ્રી હેમાંશુ વૈદ્ય.



ધી સાઉથ ગુજરાત કો.ઓપ. બેંક એસો. લી. સુરત દ્વારા આયોજીત આર.બી.આઈ. સ્ટેચ્યુટરી ઈન્સ્પેકશન એન્ડ બેંકસ કોમ્પલાયન્સ અંગેનો ટ્રેનીંગ પ્રોગ્રામમાં આર.બી.આઈ.ના ડી.જી.એમ. લત્તા રાધાક્રિશ્નન તથા સ્કોબાના ઉપપ્રમુખશ્રી જયનાબેન ભક્તા દ્વારા પ્રમાણપત્ર સ્વીકારતા બેંકના ઉપપ્રમુખ શ્રી ગોપાળભાઈ ગોહિલ, જનરલ મેનેજરશ્રી હેમાંશુભાઈ વૈદ્ય તથા ચીફ એકાઉન્ટન્ટ શ્રી મહેન્દ્રભાઈ ટેલર.

## પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY)

શ્રી ગણદેવી પીપીલ્સ કો.ઓ. બેંકના સભાસદ જોગ આથી બેંકના તા. ૩૧-૩-૨૦૧૫ સુધીના તમામ સભાસદોને જાણ કરવામાં આવે છે કે પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY) **પ્રથમ વર્ષનું પ્રીમીયમ બેંક દ્વારા ચુકવવામાં આવશે.** તે યોજનાને લગતુ ફોર્મ ભરવું ફરજીયાત છે. તો આ યોજનાનો તમામ સભાસદોને લાભ લેવા વિનંતી છે.

અન્ય બચત ખાતાધારકોને પણ પ્રીમીયમ ભર્યેથી પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાનો લાભ મળશે.

## પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY)

આ યોજનાનો લાભ પણ પ્રીમીયમ ભર્યેથી સભાસદો તથા બચત ખાતા ધારકોને ચાલુ કરવામાં આવેલ છે.

વધુ માહિતી માટે વિભાગવાર બ્રાંચ મેનેજરનો સંપર્ક કરવો.




## ગ્રાહક સેવામાં

ટૂંક સમયમાં રજૂ કરીએ છીએ

## RuPay ડેબીટ કાર્ડ

# ધી ગણદેવી પીપલ્સ કો. ઓ. બેંક લીમીટેડ
# ગણદેવી

પોસ્ટ બોક્ષ નં. ૧૦, બજાર,
ગણદેવી, જિ. નવસારી.
E-mail : gpcbank@ymail.com
www.gpcbank.com

પ્રતિશ્રી,

_______________

_______________

_______________

_______________

॥ મુદ્રક ॥ યશ ગ્રાફિક્સ, નવસારી. મો. ૯૮૨૫૦ ૫૫૧૦૯